અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 210, Dt.18-06-2024 (Tuesday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2024-26,VALID UP TO 31-12-2026 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

# જામનગરની મોદી સ્કુલમાં આગઃ કોઇ જાનહાનિ નહીં





## મીટર બોક્સમાં આગ લાગતાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને બહાર કઢાયા

જામનગર,તા.૧૮ :

જામનગની મોદી સ્કૂલમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. શહેરમાં આવેલી મોદી સ્કૂલમાં ચાલુ શૈક્ષણિક કાર્ય દરમિયાન ઇલેક્ટ્રીક પેનલમાં આગ લાગતાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, શાળાના સ્ટાફની સમયસૂચકતાથી તમામ ૫૯૨ વિદ્યાર્થીઓને હેમખેમ બહાર કાઢવામાં આવ્યા હતા અને આગને કાબૂમાં લેવામાં આવી હતી. જયારે મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમે દોડી જઈ સમયસર શાળાની ફાયર સિસ્ટમનો ઉપયોગ કરીને આગ બુજાવી દેતાં સર્વે એ હાશકારો અનુભવ્યો હતો.

આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે જામનગરની મોદી સ્કૂલમાં ઈલેક્ટ્રિક પેનલમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગવાની ઘટના બની હતી.

જોકે, આગ લાગતાની સાથે સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને શાળાની બહાર કાઢવાની પ્રક્રિયા ચાલુ કરી દેવામાં આવી હતી અને તુરંત ૫૯૨ વિદ્યાર્થીઓને હેમખેમ બહાર કાઢવામાં આવ્યા હતા.

શાળાના સ્ટાફ દ્વારા આગને કાબૂમાં લેવામાં આવી હતી. આ સાથે સ્ટાફે ફાયર ફાઇટરની ટીમને પણ જાણ કરતા તેઓની ટીમો પણ ઘટનાસ્થળે આવી પહોંચી હતી.ફાયર બ્રિગેડના ઓપરેટરે જણાવ્યું હતું કે, આગની જાણ કંટ્રોલ રૂમમાં થતાં જ ફાયરના જવાનો તુરંત મોદી સ્કૂલે પહોંચ્યા હતા.

ત્યારે વિદ્યાર્થીઓ સ્કૂલની અંદરથી નીકળીને સહી સલામત સ્થળ પર પહોંચી ગયા હતા. ત્યાર-બાદ અમે મોદી સ્કુલે પહોંચી ગયા હતા અને સૌ પ્રથમ આગને કાબુમાં મેળવી હતી. જ્યારે આગ મીટર બોર્ડમાં લાગેલી હતી તેને અમે સંપૂર્ણપણે બુજાવી નાખી છે.

જામનગરની મોદી સ્કૂલમાં આગ લાગતા દોડતા મચી ગઈ છે સમય સૂચકતા વાપરીને વિદ્યાર્થીઓને બહાર કાઢી દેતા મોટી જાનહાની અટકી છે.

આગ લાગતા ફાયર બ્રિગેડને જાણ કરવામા આવી હતી.હાલ આગ કાબુમાં આવતા તંત્ર અને સ્કૂલ સંચાલકોએ રાહતનો શ્વાસ લીધો છે.

# યુપીમાં ગરમીથી ૨૪ કલાકમાં ૧૭૦ના મોત

## આકાશમાંથી વરસતી લુ અને હીટસ્ટ્રોક હવે જીવલેણઃ રાજયના વિવિધ જીલ્લાઓમાં ગરમીએ કાળોકેર વર્તાવ્યો



લખનૌ, તા.૧૮

ઉત્તર પ્રદેશમાં કાળઝાળ ગરમી અને ગરમીનો પ્રકોપ યથાવત છે. ચોમાસામાં વિલંબના કારણે વરસાદની રાહ પણ લાંબી બની રહી છે. સ્થિતિ એવી છે કે ભારે ગરમી હવે જીવલેણ બની ગઈ છે. જો છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો અલગ-અલગ જિલ્લામાં કુલ ૧૬૯ લોકોના મોત થયા છે. પૂર્વાંચલના ચાર જિલ્લામાં ૫૦ લોકોએ જીવ ગુમાવ્યા, જેમાં એકલા વારાણસીમાં ૩૩ મળત્યુનો સમાવેશ થાય છે.

આ સિવાય ગાઝીપુર, મિર્ઝાપુર અને ચંદૌલી જિલ્લામાં હીટ વેવ અને હીટ સ્ટ્રોકના કારણે ૧૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. બુંદેલખંડ અને કાનપુર ડિવિઝનમાં સ્થિતિ વધુ ભયાનક છે. અહીં ૧૦૦ લોકોએ જીવ ગુમાવ્યા. કાનપુરમાં સૌથી વધુ ૨૬ મળત્યુ થયા છે, જ્યારે હમીરપુરમાં ૧૯, ચિત્રકૂટમાં ૧૪, ફતેહપુરમાં ૧૩, મહોબામાં ૧૨, બાંદા અને ઔરૈયામાં ૭-૭, જાલૌનમાં ત્રણ અને ફર્રુખાબાદમાં એકના મોત થયા છે. તે જ સમયે, ગરમી અને મોજાને કારણે - યાગરાજમાં ૮, કૌશામ્બીમાં ૫, પ્રતાપગઢમાં ૨ લોકોના મોત થયા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હાલ આકરી ગરમીમાંથી કોઈ રાહત નથી. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી બે દિવસમાં ચોમાસું વારાણસી થઈને ઉત્તર પ્રદેશમાં પ્રવેશ કરી શકે છે. જે બાદ તે ૪-૫ દિવસમાં સમગ્ર રાજ્યમાં સક્રિય થાય તેવી શકયતા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ૧૮-૨૦ જૂન સુધીમાં ચોમાસું યુપીમાં પ્રવેશ કરી શકે છે. આ દરમિયાન ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે ઝરમર ઝરમર વરસાદ જોવા મળી શકે છે.

પંજાબ અને હરિયાણાના મોટાભાગના વિસ્તારોમાં પારો ૪૬ ડિગ્રીની આસપાસ યથાવત છે. સોમવારે પંજાબના ભટિંડા અને હરિયાણાના જીંદ જિલ્લાના પિંડારામાં સૌથી વધુ તાપમાન ૪૬.૯ ડિગ્રી સેલ્સિયસ હતું. ચંદીગઢમાં ૪૪.૫ ડિગ્રી, પંજાબના (જુઓ.પાનું.૫)

# રાજકોટમાં વોટર મીટર નાંખવાનો પ્રોજેકટ પડતો મુકાયો

## મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૧૯૧ કરોડના કામોને અપાઈ મંજૂરી




રાજકોટ તા.૧૮

રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન જયમીન ઠાકરની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં રૂા.૧૯૧.૩૭ કરોડના નવા વિકાસકામોને મંજૂરી અપાઈ હતી. ચૂંટણી આચારસહિંતાના પગલે આ પહેલા કુલ ૨૪ દરખાસ્ત પેન્ડિંગ રખાઈ હતી. જેનો આ બેઠકમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. કુલ ૬૮ દરખાસ્તો સ્ટેન્ડિંગ સમક્ષ મૂકાઈ હતી. જેમાંથી ૬૫ને મંજૂરી અપાઈ હતી. આજે જે દરખાસ્તો મંજૂર કરાઈ હતી તેમાં ખાસ કરીને વોર્ડ નં.૧માં રૂ.૧૫.૮૧ કરોડના ખર્ચે અમૃતમિશન બે અંતર્ગત ઘંટેશ્વર વિસ્તાર માટ સીવેજ પમ્પીંગ સ્ટેશન ૧ તથા ૨બનાવાશે. વધુમાં રૂ.૪.૯૧ કરોડના ખર્ચે સર્વેશ્વર ચોકથી યાજ્ઞિક રોડને જોડતા વોકળાને ડાયવર્ટ કરી નવુ બોક્સ કલ્વર્ટ બનાવાશે વોર્ડ નં.૯માં ૧૫.૧૯ કરોડના ખર્ચે ડીઆઈ પાઈપ લાઈન નખાશે. વોર્ડ નં.૧માં ઘંટેશ્વર ગામ સહિતના વિસ્તારમાં ડ્રેનેજ લાઈન નાખવા પાછળ ૧૮.૧૪ કરોડના ખર્ચે થશે. રેસકોર્ષમાં આવેલ સ્વિમિંગ પૂલ પાસે ચિલ્ડ્રન સાવર રૂમ, કોચ રૂમ તેમજ સ્વિમિંગ પૂલની ટાઈલ્સ બદલાવા પાછળ ૧.૭ કરોડ ખર્ચાશે થશે. આ સિવાય મોટામોવામાં આવેલ ઈલેકટ્રિક સ્મશાનને ગેસ સ્મશાનમાં રૂપાંતરિત કરવાના કામ માટે ૧.૫૫ કરોડ ખર્ચાશે. શહેરમાં ડ્રેનેજના સફાઈ સાધનો વસાવવા માટે ૬.૬૪ કરોડ આ સાથે રાજકોટ મનપા હસ્તકના બીન ઉપયોગી વાહનોની હરરાજી થી ૪.૨૫ લાખની આવક થશે જ્યારે માછલીઘરના સંચાલન માટે સંચાલન ખાનગી સંસ્થાને સોપવાથી ૪.૫૧ લાખની આવક થશે. આજે મળેલી બેઠકમાં શહેરના વોર્ડનં.૮માં ચન્દ્રેશનગર હેડવર્કસ આધારિત વિસ્તારોમાં હાઉસ હોલ્ડ અને બલ્કફલો મીટરના ઓપરેશન કામ અંગેની દરખાસ્ત તેમજ રાજકોટ મનપા હસ્તકના પ્લેનેટેરિયમ સંકુલના કોમ્પ્યુટર વિભાગનું સંચાલન અરવિંદભાઈ મણિયાઆર જનકલ્યાણ ટ્રસ્ટને સોંપવા તથા રાજકોટ શહેરમાં મલ્ટીલેવલ પાર્કિંગની ફિઝીબીલીટી સ્ટડી માટે કન્સલટન્ટની નિમણૂક કરવા અંગેની દરખાસ્ત નામંજૂર કરાઈ હતી. આજની બેઠકમાં સ્ટે.કમિટીના સભ્યો, વિવિધ શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ એરપોર્ટ પર CBI ની વોચ

## દાણચોરી કેસમાં જુના અધિકારીઓની બદલીઃ કસ્ટમ અને એર ઈન્ટેલીજન્સનું સંખ્યાબળ વધારાશે




અમદાવાદ,તા.૧૮

અમદાવાદમાંથી દાણચોરીનું ૧૦ કિલો સોનું ઝડપાયું. ૧૦ દાણચોરો પણ ઝડપાયા. આ ઘટના બાદ એરપોર્ટ પરથી એર ઈન્ટેલિજન્સ યુનિટના ૫ અધિકારીઓની હકાલપટ્ટી કરી દઈ નવા અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે.

આ ઘટનાને લઈને એરપોર્ટ પરના કસ્ટમ્સ કલીયરન્સ અને ઈમિગ્રેશનમાં ધુપ્પલ ચાલતું હોવાનું સ્પષ્ટ થઈ ગયું છે. જેને પગલે હવે કેન્દ્રીય એજન્સીઓએ એરપોર્ટ પર પેસેન્જર ઉપરાંત ચોકકસ કર્મચારીઓ પર પણ વોચ વધારી દીધી છે.

હાલ ઈડી, ડીઆરઆઈ, ઈન્ટેલીજન્સની ટીમો ઉપરાંત સીબીઆઈ પણ નજર રાખી રહી છે. બીજી તરફ, અમદાવાદ ક્રાઈમ બ્રાંચે પણ એરપોર્ટ પર બાતમીદારોને એકટીવ કર્યા છે.

ડીઆરઆઈને બાતમી મળી હતી કે અમદાવાદ એરપોર્ટ પર સ્મગલર સોનાની પેસ્ટ લઈને આવી રહ્યા છે. કસ્ટમ્સના અધિકારીએ કેટલા એકિટવ છે અને તેઓ આ ગોલ્ડ પકડી શકે છે કે નહીં તે ચેક કરવામાં આવ્યું. ગોલ્ડ સાથે પેડલર બેધડક એરપોર્ટ બહાર નીકળી ગયા અને કસ્ટમ્સના અધિકારીઓની પોલ ખુલી ગઈ.

સીબીઆઈની ટીમે હોટલમાંથી ગોલ્ડ અને સ્મગલરોને ઝડપી લીધા. ૧૦ સ્મગલર્સ ઝડપાઈ જતાં ચેન્નઈની સિન્ડીકેટનો પર્દાફાશ થયો. હવે વારો હતો કસ્ટમ્સના અધિકારીઓની. આ ઘટના બાદ એરપોર્ટના એર ઈન્ટેલીજન્સ યુનિટના ડીસી હિમાંશુ ગર્ગ, સુપ્રીટેન્ડેન્ટ (જુઓ.પાનું.૫)

# હિમાલય પર બરફ વર્ષા ઘટતા જળસંકટનો ખતરો



કાઠમંડુ, તા. ૧૮

હિન્દુ કુશ હિમાલય પર આ વર્ષે બરફ વર્ષામાં રેકોર્ડ ઘટાડો નોંધાતા જળસંકટ વધુ ઘેરૂ બને તેમ છે. એક નવા રીપોર્ટમાં વૈજ્ઞાનિકોએ આ ચેતવણી જાહેર કરી છે. રીપોર્ટ મુજબ જળવાયુ પરિવર્તનના કારણે હિમાલય પર બરફ વર્ષા ઓછી થતા નીચેના વિસ્તારોમાં રહેતા લોકોને પાણીની મુશ્કેલીનો સામનો કરવો પડશે.

નેપાળ સ્થિત આંતરરાષ્ટ્રીય સંગઠન આંતરરાષ્ટ્રીય એકીકૃત પર્વતીય વિકાસ કેન્દ્રના નિષ્ણાંતોએ જળ વ્યવસ્થાપન અધિકારીઓ પાસેથી અછત અંગેની રણનીતિઓ અને પાણી પુરવઠો જાળવી રાખવાના ઈમરજન્સી ઉપાયો શરૂ કરી દેવા ભલામણ કરી છે.

હિમાલય ક્ષેત્ર પૃથ્વી પર જામેલા પાણી પર ખુબ નિર્ભર છે. જેમાં બરફ, જામેલી ભૂસપાટી, બરફના પહાડ, ઝરણા અને નદીઓ સામેલ છે. આ ક્ષેત્રના લગભગ ૨૪ કરોડ લોકો માટે આ થીજી ગયેલુ પાણી એ તાજા પાણીનો મહત્વપૂર્ણ સ્રોત છે.


નીચાના વિસ્તારમાં ૧૬૫ કરોડ લોકોને લાંબાગાળાનો લાભ થાય છે. અહીંથી શરૂ થતી ૧૨ મુખ્ય નદીઓ ખીણના પુલ જળપ્રવાહનો ૨૩ ટકા હિસ્સો બને છે. તેનું યોગદાન દરેક નદીએ અલગ અલગ હોય છે. હેલમંદના જળપ્રવાહમાં ૭૭ ટકા અને સિંધુમાં ૪૦ ટકા પાણી બરફ ઓગળવાથી આવે છે.

રીપોર્ટ અનુસાર આ વર્ષ પૂરા વિસ્તારમાં બરફ વર્ષાનું પ્રમાણ પાંચમા ભાગનું થઇ ગયું છે. પશ્ચિમમાં સૌથી મોટો ઘટાડો નોંધાયો છે. ત્યાં બરફ ઓગળવાથી પાણી પુરવઠા સૌથી વધુ પહોંચે છે. ગંગા બેસીનમાં બરફનું સ્તર સામાન્યથી ૧૭ ટકા ઓછું અને બ્રહ્મપુત્ર બેસીનમાં સામાન્યથી ૧૪.૬ ટકા ઓછું રહ્યું છે. હેલમંદ નદીમાં સૌથી વધુ ૩૧.૮ ટકા ઘટાડો નોંધાયો છે. આ પહેલા સૌથી ઓછું સ્તર ૨૦૧૮માં નોંધાયુ હતું અને ૪૨ ટકાનો ઘટાડો થયો હતો.

નિષ્ણાંતોના કહેવા મુજબ હિન્દુ કુશ હિમાલયમાં બરફનું પ્રમાણ અને હાલમાં ઘટાડો દેખાયો છે. જેમાં છેલ્લા ૨૨ વર્ષથી ૧૩ વર્ષમાં બરફ વર્ષા સામાન્યથી ઓછી નોંધાતા તે ગંભીર ખતરાનો સંકેત છે.

શેરબજાર ઓલ ટાઇમ હાઇ

# સેન્સેક્સ ૭૭,૩૨૬ અને નિફ્ટી ૨૩,૫૭૩ને સ્પર્શ્યો



મુંબઇ, તા.૧૮

શેરબજારે આજે નવી ઓલ ટાઈમ હાઈ બનાવી છે. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ ૭૭,૩૨૬ના સ્તરને સ્પર્શ્યો હતો. હાલમાં તે ૧૫૦થી વધુ પોઈન્ટના ઉછાળા સાથે ૭૭,૧૫૦ના સ્તરે કારોબાર કરી રહ્યો છે. નિફ્ટીએ પણ આજે ૨૩,૫૭૩ની ઓલ ટાઈમ હાઈ બનાવી છે. હાલમાં તે ૫૦થી વધુ પોઈન્ટના ઉછાળા સાથે ૨૩,૫૫૦ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે. આ પહેલા નિફ્ટીએ પણ શુક્રવારે ઓલ ટાઈમ હાઈ બનાવ્યો હતો. આઇટી અને એનર્જી શેર્સમાં વધુ તેજી છે.

સોમવારે યુએસ માર્કેટ ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યું હતું. ડાઉ જોન્સ ૦.૪૯% વધીને ૩૮,૭૭૮ ના સ્તર પર બંધ થયો. SP પણ ૦.૭૭% વધીને ૫,૪૭૩ પર બંધ રહ્યો હતો.

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૨ શેરો ખરીદાયા અને ૮ વેચાયા. જ્યારે નિફ્ટી ૫૦માં ૪૦ શેરમાં ખરીદી અને ૧૦ શેરમાં વેચવાલી છે.

મોટા ભાગના સેક્ટરમાં મજબૂતી સાથે કારોબાર થઈ રહ્યો છે. આઈટીમાં ૦.૮૩%નો ઉછાળો હતો. જ્યારે કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૫% અને મેટલ ૦.૫૯% ઉપર છે.

અગાઉ બજાર સતત ૩ દિવસ બંધ રહ્યું હતું. શનિવાર અને રવિવાર સિવાય સોમવારે બકરીદના દિવસે પણ શેરબજારમાં કારોબાર થયો ન હતો. આ પહેલા શુક્રવાર, ૧૪ જૂને પણ નિફ્ટીએ ઓલ ટાઈમ હાઈ બનાવ્યો હતો.

ટ્રેડિંગ દરમિયાન તે ૨૩,૪૯૦ની સપાટીએ પહોંચી ગયો હતો. જોકે, આ પછી નિફ્ટી થોડો નીચે આવ્યો અને ૬૬ પોઈન્ટના વધારા સાથે ૨૩,૪૬૫ પર બંધ થયો. તે જ સમયે, સેન્સેક્સમાં ૧૮૧ પોઈન્ટનો વધારો થયો હતો, તે ૭૬,૯૯૨ ના સ્તરે બંધ થયો હતો.

# મ્યુચ્યુઅલ ફંડમાં નાણાનું રોકાણ કરતા ૮૧ લાખ નવા રોકાણકારો




નવી દિલ્હી તા.૧૮

મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરનારા રોકાણકારોની સંખ્યામાં સતત રેકોર્ડ વધારો થઇ રહ્યો છે. મ્યુચ્યુઅલ ફંડમાં ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૪-૨૫)ના પ્રથમ બે મહિનામાં એપ્રિલ અને મે મહિનામાં ૮૧ લાખથી વધુ નવા રોકાણકારોના ખાતા ઉમેર્યા છે. એક વર્ષ અગાઉના સમાન સમયગાળા દરમિયાન માત્ર ૧૬.૪૪ લાખ ખાતા જ ખોલવામાં આવ્યા હતા.નિષ્ણાંતોનું કહેવું છે કે, આ સ્કીમમાંથી સારો નફો મળી રહ્યો છે. માર્કેટમાં સતત વૃધ્ધિને જોતા રોકાણકારો ખુલેઆમ નાણાનું રોકાણ કરી રહ્યા છે. એસોસીએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ ઇન ઈન્ડિયાના ડેટા અનુસાર એપ્રિલમાં મ્યુચ્યુઅલ ફંડ એકાઉન્ટસની કુલ સંખ્યા ૧૮ કરોડ ૧૫ લાખ હતી.જે મેના અંત સુધીમાં વધીને ૧૮ કરોડ ૬૦ લાખ થઇ ગઇ છે. આ સમયગાળા દરમિયાન કુલ ૪૫ લાખ નવા ખાતા ખોલવામાં આવ્યા હતા. માર્ગમાં કુલ ખાતાઓની સંખ્યા ૧૭ કરોડ ૭૯ લાખ હતી. એપ્રિલમાં ૩૬.૧૧ લાખ નવા ખાતા ખોલવામાં આવ્યા હતા. આ વર્ષે ૧૩%નો ઉછાળોડેટા અનુસાર, ડિસેમ્બર-૨૦૨૩ સુધીમાં કુલ ૧૬.૪૯ કરોડ મ્યુચ્યુઅલ ફંડ એકાઉન્ટસ ખોલવામાં આવ્યા હતા. આ વર્ષે જાન્યુઆરીથી મે સુધીમાં ૨ કરોડ ૧૦ લાખથી વધુ ખાતામાં વધારો થયો છે. આ પાંચ મહિનામાં લગભગ ૧૩ ટકાનો વધારો જોવામળ્યો છે. આ વર્ષે દર મહિને સરેરાશ ૪૦ લાખ ખાતા ખોલવામાં આવ્યા છે.

# રાહુલ ગાંધી રાયબરેલી બેઠક રાખશે, પ્રિયંકા ગાંધી વાડ્રા વાયનાડથી ચૂંટણી લડશે



ન્યુ દિલ્હી, તા.૧૮

લોકસભા ચૂંટણીના પરિણામો બાદ દેશભરના રાજકીય પક્ષો આંતરિક બેઠકો યોજીને ભવિષ્યની રણનીતિ તૈયાર કરી રહ્યા છે. આ શ્રેણીમાં સોમવારે કોંગ્રેસના ટોચના નેતાઓએ પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને બેઠક યોજી હતી અને રાહુલ ગાંધીની સંસદીય બેઠક અંગે નિર્ણય લીધો હતો. બેઠક બાદ ખડગેએ કહ્યું કે રાહુલ ગાંધી વાયનાડ સીટ છોડીને રાયબરેલીને પોતાની પાસે રાખશે.

આ પછી પ્રિયંકા ગાંધી વાડ્રા વાયનાડ લોકસભા સીટથી કોંગ્રેસના ઉમેદવાર હશે. આ બેઠકમાં સોનિયા ગાંધીની સાથે રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા અને કેસી વેણુગોપાલે પણ હાજરી આપી હતી.

મીડિયા સાથે વાત કરતા ખડગેએ કહ્યું કે અમે બધાએ મીટિંગમાં નિર્ણય લીધો હતો કે રાહુલ ગાંધી રાયબરેલી સીટ પોતાના માટે રાખશે, કારણ કે રાયબરેલી પહેલાથી જ તેમની ખૂબ નજીક રહી ચૂકી છે. તે પરિવાર સાથે સંબંધ છે અને પેઢીઓથી ત્યાંથી લડત ચલાવી રહી છે. તેથી ત્યાંના લોકો અને પાર્ટીના લોકો પણ કહે છે કે તેમણે રાયબરેલી સીટ પોતાની પાસે રાખવી જોઈએ.

રાહુલને વાયનાડના લોકોનો પ્રેમ પણ મળ્યો છે. તેઓ ઈચ્છે છે કે રાહુલ વાયનાડમાં રહે, પરંતુ કાયદો તેની મંજૂરી આપતો નથી. તેથી પ્રિયંકા ગાંધી વાડ્રા વાયનાડ બેઠક પરથી ચૂંટણી લડશે.

# મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં સંસ્કાર સરિતા બાળસભા ઉજવાઇ

## બાળકોએ સ્કીટ દ્વારા કુટેવો થી દુર રહી ભણતર અને ભક્તિનો પ્રેરક સંદેશ આપ્યો

## સંસ્કૃતિ દિને બાળકો દ્વારા ઉર્જાસભર સાંસ્કૃતિક કાર્યક્રમોની રંગારંગ પ્રસ્તુતિ










**(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)**

રાજકોટ તા.૧૮

બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થાના ગુરુદેવ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તારીખ ૧૪ જૂનથી તારીખ ૧૦ જુલાઈ દરમિયાન રાજકોટ માં સત્સંગ લાભ આપી રહ્યા છે. જે ઉપક્રમે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાનિધ્યમાં ''સંસ્કાર એ જ સંપત્તિ'' ના મુખ્યવર્તી વિચારને આધારિત સંસ્કાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ ભક્તો ગુરૂહરિના દર્શન કરવા માટે પ્રમુખસ્વામી સભાગૃહમાં એકત્રિત થયા હતા. ગુરૂહરિ મહંત સ્વામી મહારાજની દૈનિક પૂજા દરમ્યાન બાળકોએ પ્રસ્થાનત્રયી આધારિત અક્ષર પુરુષોત્તમ સિદ્ધાંત ગાન કર્યું હતું. મહંત સ્વામી દ્વારા લિખિત સંત્સંગ દીક્ષાના શ્લોકનો મુખપાઠ ગુજરાતી, હિન્દી, મરાઠી, બંગાળી, વગેરે ભારતીય ભાષાઓ ઉપરાંત વૈશ્વિક અંગ્રેજી, સ્પેનિશ, આફ્રિકાની સ્વાહિલી ભાષાઓમાં રજૂ કર્યો હતો. બાળકોએ સંસ્કૃતમાં લખાયેલ સ્વામિનારાયણ સિદ્ધાંત કારિકાઓનો મુખપાઠ રજુ કર્યો હતો. વિવિધ પ્રાર્થના અને કીર્તનોની પ્રસ્તુતિ પણ બાળકો દ્વારા જ રજૂ કરવામાં આવી હતી. બાળકો દ્વારા સૌના દુઃખો દૂર થાય તેવી પ્રાર્થના અને તે માટે ધૂન ગાન પણ કરાવવામાં આવ્યું હતું.પ્રમુખ સ્વામી મહારાજના જીવન ચરિત્રના લેખક પૂજ્ય આદર્શ જીવન સ્વામીએ પ્રેરક કથામૃતનો લાભ આપ્યો હતો, જેમાં બાળકોમાં સંસ્કાર સિંચન માટે ભગવાન સ્વામિનારાયણ તેમજ ગુરુ પરંપરાના બાળકો સાથેના પ્રસંગો દ્વારા બાળ કેળવણીની રીત સમજાવી હતી. પ્રમુખસ્વામી સભાગૃહ ખાતે સાંજે ''સંસ્કાર સરિતા'' બાળ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભાની શરૂઆત બાળકો દ્વારા ધૂન અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. પારાયણ પૂજન વિધિ બાદ વિવેકસાગર સ્વામી દ્વારા એક નિશાન અક્ષરધામ વિષય આધારિત કથાવાર્તા કરવામાં આવી હતી. પૂ. વિવેકસાગર સ્વામીની કથાની મૂખ્ય વાતો ૧.ભગવાન સુખ આપે ત્યારે સુખ આપનાર ભગવાન ને જ ભૂલી જવાય છે. સુખમાં રચ્યા પચ્યા રહેવાનું ટાળી મોક્ષના ધ્યેય પર દૃષ્ટિ રાખવી. કથા, દર્શન, ભજન ને ઠેલવું નહીં. ૨.પ્રખર રાજનેતા અને બે વખત દેશના કાર્યકારી વડાપ્રધાન અને ગૃહ મંત્રી રહેલા ગુલઝારી લાલ નંદાને શાસ્ત્રીજી મહારાજે નિયમો આપેલા તે અનુસાર તેઓ દરરોજ પૂજા, વચનામૃત વાંચન તેમજ ચેષ્ટાગાન, માળા વગેરે ભક્તિ સંબંધી ક્રિયાઓ ક્યારેય ન ચૂકતા. વાંચન ન થાય ત્યાં સુધી બપોરનું ભોજન જમતા નહીં. સુખમાં ભગવાન ના ભૂલાય તેનું તેઓ ઉદાહરણ હતાં.૩. દુઃખમાં પડી જાય તો કાયર ભક્ત કહેવાય. દુઃખમાંથી સુખ મળે છે. કસોટી સોનાની થાય તેમ ભક્તોને દુઃખ આવે જ. અભક્ત દુઃખ રોઈને ભોગવે, જ્યારે ભક્ત દુઃખ સુખથી ભોગવે. સમજણ રાખે કે પ્રભુ જે કરે તે મારા સારા માટે જ છે. ૪. દુઃખના સમયે ધીરજ રાખવી. 'ધીરજ સમ નહિ ધન રે સંતો'. આવા સમયે ભક્તિ મૂકવી નહીં. તુકારામ, સંત એકનાથ, મીરાંબાઈ, દાદાખાચર વગેરે ભક્તો અનેક દુઃખોમાં ભગવાનના અલૌકિક સુખે સુખી રહ્યાં. ગુરુપરંપરાના સમયમાં અત્યાર સુધીના ભક્તોના પ્રસંગોમાં આ સમજણ અને ધીરજ જોવા મળે છે. ૫.શરીરમાં રોગ આવે તો જાણે મોટા સંતના સમાગમમાં રહેતા હોઈએ તેમ સ્વાદ ટળે, ભગવાનનું સ્મરણ થાય. એવી સમજણ રાખવી. રોગ થી કંટાળીને દોરા,ધાગા,વહેમ, ફૂંક વગેરેમાં જાય તો મોક્ષનું ધ્યેય ચૂકી જવાય.સભામાં મહંત સ્વામી મહારાજના આગમનને બાળકોએ ધમાકેદાર અને ઉર્જાસભર નૃત્યથી વધાવ્યું હતું તેમજ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં અત્યંત લોકપ્રિય બનેલી ધ વિલેજ ઓફ બૂઝો, જંગલ ઓફ શેરું અને સી ઓફ સુવર્ણા પ્રસ્તુતિઓ આધારિત નૃત્ય રજૂ કર્યું હતું. બાળકોએ ગુરૂહરિ ની ઉપસ્થિતિમાં પ્રેરણાદાયક સંવાદ રજૂ કર્યો હતો. બાળપણથી શિક્ષણ અને અન્ય સ્કીલ સાથે સંસ્કારદાયક બાલસભામાં અને મંદિરે જવા સંદેશ આપ્યો હતો.મહંત સ્વામી મહારાજે આશીર્વાદ આપતા કહ્યું હતું કે બાળકોને સંસ્કારી બનાવવા માટે વાલીઓએ રવિસભા ક્યા ચાલે છે તે શોધીને ત્યાં બાળકોને મોકલવા. રહેતા હોવ ત્યાં સભા ન થતી હોય તો ઘરસભા કરવી. ઘરમાં શાસ્ત્રપઠન, કરતાં વગેરે કરવું. એમાં સહજ રીતે સંસ્કારો પુરાય છે. બાળ ઘડતરમાં થાકી જવાય તો બાળકો ભવિષ્યના નેતા છે તેમ સમજી તેમનામાં શ્રદ્ધા રાખવી અને વલણ બદલવું. બાળકોએ પણ બળસભામાં જતા રોકતા મિત્રોને સમજાવવા અને નમતું ન મૂકવું. અવશ્ય જવું. માતા પિતાએ બાળકને પ્રેમથી સમજાવીને બાલસભામાં મોકલવા.

વાલીઓ સમજાવ્યા વગર પ્રેશર કરશો તો ચોરી છૂપીથી બાળક અન્ય રસ્તે જશે. સમજાવટથી જ લાંબુ ટકશે. બાલિકાઓએ ભાવપૂર્વક બનાવેલ હાર તેમજ ચાદર સંતોએ મહંતસ્વામી મહારાજને અર્પણ કર્યા હતા. મહંતસ્વામી મહારાજે બાળકોને પસંદ એવી ચોકલેટ્સ પ્રસાદીની કરી આપી હતી. મહિલાઓ દ્વારા તૈયાર કરેલ માળાનો હાર સ્વામીને ધારણ કરાવવામાં આવ્યો હતો.

શહેરની વિવિધ પ્રતિષ્ઠિત સ્કૂલના ટ્રસ્ટીઓ પણ આજે મહંતસ્વામી મહારાજનાં દૃષ્ટિ આશીર્વાદ મેળવી લાભાન્વીત થયા હતા. સંધ્યા આરતી બાદ બાળકોના નૃત્ય દ્વારા સમારોહ પૂર્ણ કરવામાં આવ્યો હતો.તેમ જણાવ્યુ છે.

# રાજકોટ બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર ખાતે વિરાટ મહિલા સંમેલનનુ આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)**

રાજકોટ તા.૧૮

બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થાના ગુરુદેવ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતીમાં તારીખ ૧૪ જૂનથી તારીખ ૧૦ જુલાઈ દરમિયાન રાજકોટ બી. એ. પી. એસ. સ્વામિનારાયણ મંદિરે વિવધ સાંસ્કૃતિક અને રસપ્રદ કાર્યક્રમોનું આયોજન કરેલ છે તેમના રાજકોટમાં રોકાણ દરમ્યાન રાજકોટ બી. એ. પી. એસ. સ્વામિનારાયણ મંદિરનાં રજત જયંતી મહોત્સવની પૂર્ણાહુતિ તેમજ કાર્યકર સુવર્ણ મહોત્સવ નિમિત્તે આવતીકાલે તા. ૧૯/૬નાં રોજ બપોરે ૩ થી ૬:૩૦ દરમ્યાન રાજકોટ બી. એ. પી. એસ. સ્વામિનારાયણ મંદિરે પ્રમુખસ્વામી સભાગૃહમાં વિરાટ મહિલા સમેલનનું આયોજન કરવામાં આવેલ છે.

બી. એ. પી. એસ. સ્વામિનારાયણ સંસ્થાની મહિલા પ્રવૃત્તિ આ એક એવું મંચ છે જ્યાં નારી ઉત્કર્ષનું અનેરું કાર્ય થઇ રહ્યું છે. જ્યાં તેની વાણી – વક્તવ્ય દ્વારા, સુર– ભક્તિ સંગીત દ્વારા, કલા – નૃત્ય અને સંવાદ દ્વારા, કલમ – લેખ દ્વારા અને સિદ્ધિઓ – સન્માન દ્વારા ખીલી ઉઠે છે. બી. એ. પી. એસ. સંસ્થાએ સમાજની નારી શક્તિને યોગ્ય સન્માન અને સમાજમાં યોગ્ય સ્થાન આપ્યું છે.

કોઈપણ યુગ ઉજ્જ્વળ બને છે સન્નારીઓની પવિત્ર, નિર્મળ અને સંસ્કારયુક્ત પ્રભાથી, એટલે જ શાસ્ત્રોમાં લખાયું છે, 'સંસ્કૃતા સ્ત્રી પરાશક્તિઃ' અર્થાત 'શીલવતી સંસ્કારી સ્ત્રી પરમ શક્તિ છે!' એવા જ ચારિત્ર્યવાન, સંયમી, ધૈર્યવાન અને સંસ્કારી સન્નારીઓ એટલે બી. એ. પી. એસ. સંસ્થાના મહિલા કાર્યકરો. ઈ.સ. ૧૯૭૨ થી શરૂ થયેલ કાર્યકર માળખામાં જોડાયેલા અનેક મહિલા, યુવતી અને બાલિકા કાર્યકરો કે જેમણે સત્સંગ-સેવા-સમર્પણના ત્રિવેણી સંગમ સાથે સમાજ, ધર્મ અને રાષ્ટ્રના વિકાસ માટે અનેરું યોગદાન આપ્યું છે. સહર્ષ જણાવવાનું કે બી. એ. પી. એસ. સ્વામિનારાયણ સંસ્થાની કાર્યકર પ્રવૃતિને આ વર્ષે ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોય વિરાટ મહિલા સમેલનનો મધ્યવર્તી વિચાર છે સુવર્ણ વર્ષે સુવર્ણ ગાથા સન્નારીઓની.

આ મહિલા સમેલનમાં આવી જ કઈક સન્નારીઓના ઉત્કર્ષની ગાથાને રસપ્રદ સંવાદ, ભક્તિયત્રા અને શાનદાર નૃત્ય દ્વારા નિહાળવા મળશે. વિવિધ પ્રેરણાત્મક પ્રવચનો, અને આકર્ષક વિડિઓ શો મહિલા સશક્તિકરણ અને સુવર્ણ ગાથાનો વિશેષ પરિચય કરાવશે. યુવતીઓ દ્વારા મંગલાચરણ સાથે ઉપસ્થિત તમામનું સ્વાગત કરવામાં આવશે તથા બાલિકાઓનું ઉત્સાહસભર નૃત્ય સૌને આકર્ષિત કરશે.

નાની બાલિકાઓ થી લઈને વયોવૃદ્ધ મહિલાઓ પણ આ વિરાટ મહિલા સંમેલનના આયોજન અને કાર્યક્રમમાં સહભાગી થયા છે. મહિલા સમેલનની તૈયારીઓમાં અનેક મહિલા, યુવતી અને બાલિકાઓ છેલ્લા ૩૦ થી પણ વધુ દિવસોથી ખુબજ ખંતથી જોડાયેલા છે. આ સંમેલનમાં વિવધ ક્ષેત્રના મહિલા અગ્રણીઓ તેમજ રાજકીય મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે. આ સેવા, સમર્પણ અને ભક્તિઅર્ઘ્યના પ્રસંગમાં મહિલાભક્તોને ઉપસ્થિત રહેવા માટે બી. એ. પી. એસ. સ્વામિનારાયણ મંદિરની મહિલા પાંખ આમંત્રણ પાઠવે છે.તેમ જણાવ્યુ છે.

# રાજકોટ રેલવે ડિવિઝનમાં પેન્શન અદાલતનું સફળતાપૂર્વક આયોજન



**(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)**

રાજકોટ તા.૧૮

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ૧૭મી જૂન, ૨૦૨૪ના રોજ પેન્શન અદાલતનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. પેન્શનરો અને ફેમિલી પેન્શનરો પાસેથી પહેલાથી જ અરજીઓ મંગાવવામાં આવી હતી, જેના આધારે જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. કુલ ૨૫ કેસ મળ્યા હતા, આ તમામ કેસોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. આ સમયગાળા દરમિયાન, કુલ ૧૬ પેન્શન પે ઓર્ડર (PPO) જારી કરવામાં આવ્યા હતા જે ડિવિઝનલ રેલવે મેનેજર અશ્વની કુમાર દ્વારા હાજર નિવૃત્ત રેલવે કર્મચારીઓને વ્યક્તિગત રીતે આપવામાં આવ્યા હતા. અશ્વની કુમારે ઉપસ્થિત તમામ પેન્શનરોને ખાતરી આપી હતી કે માત્ર પેન્શન અદાલત દરમિયાન જ નહીં પરંતુ સામાન્ય કામકાજના દિવસોમાં પણ પેન્શનધારકોની સમસ્યાઓ પર સંપૂર્ણ ધ્યાન આપવામાં આવશે અને કાર્મિક અને એકાઉન્ટ વિભાગ હંમેશા સંપૂર્ણ સહકાર આપશે. આજની પેન્શન અદાલતમાં લગભગ ૪૦ વરિષ્ઠ નાગરિકો/તેમના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા અને પેન્શન અદાલતનું સમાપન સૌહાર્દપૂર્ણ રીતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર મનીષ મહેતા, સિનિયર ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજર કિરેન્દુ આર્ય, આસિસ્ટન્ટ પર્સનલ ઓફિસર (એન્જિનિયરિંગ) કમલેશ દવે, આસિસ્ટન્ટ ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજર વસંત લાલ પરમાર, વેલ્ફેર ઈન્સ્પેક્ટર, સેટલમેન્ટ સેક્શનની ટીમ. અને એકાઉન્ટ્સ વિભાગ (પેન્શન)ની ટીમનો સ્ટાફ હાજર રહ્યો હતો અને પેન્શન અદાલતને સફળ બનાવી હતી.તેમ જણાવ્યુ હતુ.

# લોકસભાની ચૂટંણીમાં રાજકોટ જીલ્લાના ૮૫% બુથોમાં ભાજપને સરસાઇ



**(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)**

રાજકોટ તા.૧૮

બુથ સ્તર સુધી પેઇઝ સમિતિ, બુથ સમિતિ, શક્તિકેન્દ્રના પ્રમુખ-પ્રભારી, મંડલ રચના અને મંડલ પ્રભારીના માધ્યમથી જીલ્લાની ટીમ સતત કાર્યશીલ રહી જેની ફળશ્રુતિ રૂપે ગત ૨૦૧૯ લોકસભા ચૂંટણીમાં જીલ્લાના ૧૪૩૮ બુથો પૈકી ૫૧૭ બુથમાં ભારતીય જનતા પાર્ટીને ખાધ ગયેલી હતી, જેની સરખામણીએ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ૨૮૪ બુથ રીકવર કરી માત્ર ૨૩૩ બુથોમાં ખાધ, જીલ્લાના તમામ ૧૭ મંડલોમાં જંગી સરસાઈ સાથે જીલ્લાની તમામ ૩૬ જીલ્લા પંચાયત સીટોમાં વિષમ અને વિપરીત પરિસ્થિતિ, અનેક પડકારો વચ્ચે વિક્રમજનક સરસાઈ મેળવી. જીલ્લા ભાજપની સંગઠન ટીમે પ્રભારી ધવલભાઈ દવેના સુચારુ માર્ગદર્શન અને જીલ્લા ભાજપના અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાના ઉત્તમ નિર્ણયો અને નેતૃત્વ હેઠળ જીલ્લા મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા, જીલ્લા સંગઠન ટીમના પ્રયાસો થકી જીલ્લા સંગઠનનો વ્યાપ વધારવા અને પાર્ટી દરેક બુથ સુધી મજબુત થાય મારું બુથ મજબુત બુથ, મારું ગામ ભાજપનું ગામ આ સૂત્રને ખરા અર્થમાં સાર્થક કરી બતાવ્યું છે, જે અભિનંદનને પાત્ર છે.આ ઉત્તમ કાર્ય તેમજ સિદ્ધિઓ રાજકોટ જીલ્લાના બુથ સ્તર સુધીના દેવદુર્લભ કાર્યકર્તાઓના અથાગ અવિરત પ્રયાસ અને રાત દિવસ જોયા વગરની મહેનતનું ફળ છે. જેમાં, બુથ પ્રમુખ, બીએલએ-૨, વોટ્સએપ ગ્રુપ ઈન્ચાર્જ, સરપંચઓ, સ્થાનિક સહકારી આગેવાનો, શક્તિકેન્દ્ર પ્રમુખ-પ્રભારીઓ, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના ચુટાયેલા સદસ્યો, તાલુકા અને શહેરી મંડલના સંગઠનો, તાલુકા અને શહેરી મંડલના મોરચા અને સેલના હોદેદારઓ, જીલ્લાના સહકારી ક્ષેત્રના આગેવાનો, જીલ્લા સેલના કન્વીનર,સહ-કન્વીનરઓ, જીલ્લા સંગઠન ટીમના ઉપપ્રમુખઓ સહીત અનેક કાર્યકર્તાઓની મહેનત અને જહેમત થકી આ શક્ય બન્યું છે. જે અભિનંદનને પાત્ર છે. તેમ જણાવ્યુ છે.

# રાજકોટ નાગરીક બેંકના ગેરવહીવટના અનેક ધગધગતા પ્રકરણોનો પર્દાફાશ કરાશે : નાગરીક બેંક બચાવો સંઘ

## મિલ્કતની કિંમત ભલે હોય જેવી તેવી, લોન અપાય છે અધિકારીઓને ફાવે એવી : આક્ષેપ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૧૮

નાગરીક બેંક બચાવો સંઘ દ્વારા આક્ષેપો કરતા જણાવ્યુ હતુ કે,સૌરાષ્ટ્ર-ગુજરાતના સહકારી ક્ષેત્રે નામના ધરાવતી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જૂના જોગીઓ, અગ્રણીઓ, કાર્યકરોના પ્રભાવથી એક સમયે પ્રગતિના શિખરો સર કરનાર રાજકોટ નાગરીક સહકારી બેંકમાં ગેર વહીવટ સામે નાગરીક બેંક બચાવો સંઘની રચના થયેલ છે. સંઘ દ્વારા જૂનાગઢ અને મુંબઈની કાલબાદેવી બ્રાન્ચમાં મિલ્કતની કિંમતની ત્રણ ગણી આકરણી કરીને લોન આપવાના કૌભાંડ અંગે લડત શરૂ કરવામાં આવતા જુદી જુદી બ્રાન્ચમાં થયેલ ગેરવહીવટના આક્ષેપથી ખળભળાટ મચી જતા નાગરીક બેન્કનું વર્તમાન મેનેજમેન્ટ સફાળુ ચોકી ઉઠયું હતું. બેંકના કાર્યકારી ચેરમેન જીમ્મીભાઈ દક્ષીણીએ આક્ષેપો સામે જે વાળતો જવાબ આપ્યો, એ લુલા જવાબ અને ખોટા ખુલાસા સામે સંઘમાં આક્રોશ ચરમસીમાએ પહોંચી ગયો છે. નાગરીક બેંક બચાવો સંઘ દ્વારા કાર્યકારી ચેરમેનના બચાવ અને રદીયા સામે ધગધગતા પ્રત્યુત્તર સાથે નજીકના ભવિષ્યમાં અનેક ધડાકાઓની ચિમકી આપી છે.

નાગરીક બેન્ક બચાવો સંઘ પ્રત્યુત્તરમાં જણાવે છે કે, 'અમે રાજકોટ નાગરીક સહકારી બેન્કના ચેરમેન જીમ્મી દક્ષીણીના મીડીયા સમક્ષ અપાયેલ ખુલાસા અને નિવેદનને લુલો બચાવ અને મનઘડત કેફીયત સમાન ગણીએ છીએ. ગત વર્ષોમાં મુંબઈ કાલબાદેવી શાખામાં જે પ્રકારે લોન કૌભાંડ આચરવામાં આવેલ છે જેની સાચી હકીકતો સભાસદો અને થાપણદારો, બેંક પરિવારના હિતેચ્છુઓ, મિડીયાથી છુપાવીને વર્તમાન મેનેજમેન્ટ કૌભાંડીઓને છાવરવાનું હલકુ કૃત્ય કરી રહ્યા છે. જેના એક નહીં અનેક પ્રમાણો દસ્તાવેજી પુરાવાઓ પણ ઉપલબ્ધ છે.

જીમ્મીભાઈ દક્ષીણીએ પોતાના ખુલાસામાં કહ્યુ કે, ''બેંકમાં કોઈપણ જાતની ગેરરીતી થઈ નથી. રિઝર્વ બેંક બે વખત રાજકોટ નાગરીક બેન્કનું ઓડિટ કરી ચૂકી છે. એક વખત સર્વાંગી અને એક વખત કાલબાદેવી શાખા તેમજ જૂનાગઢના લોન કેસ સામે આક્ષેપો અંગે તપાસ થઈ ચૂકી છે. રિઝર્વ બેંક બન્ને ઓડિટ કર્યા પછી રાજકોટ નાગરીક સહકારી બેંકને કિલીન ચીટ આપી છે. બેંકના કાર્યકારી ચેરમેનના આ શબ્દશઃ ખુલાસા અંગે સંઘનાં કેટલાક પ્રશ્નો છે.રિઝર્વ બેન્ક દ્વારા કિલનચીટ મળી જ હોય તો બેંકના ગ્રાહકો-સભાસદો માટે આ રિપોર્ટ જાહેર કેમ નથી કરતા? સભાસદ - ડિપોઝિટર્સની માહિતી માટે કલીનચીટ રિપોર્ટ પ્રકાશિત કરી જ શકાય તેમ છતાં કહેવાતી ગુપ્તતાના નામે છટકબારી જોઈતી ન હોય તો કાલબાદેવી અને જૂનાગઢ શાખાના લોન પ્રકરણમાં રિઝર્વ બેંક તરફથી નાગરિક બેંકને કિલન ચીટ' મળેલ છે.તેવા સ્પષ્ટ લખાણ સાથેનો બેંકના બોર્ડનો ઠરાવ કાર્યકારી ચેરમેનની સહીથી પ્રકાશિત કરવામાં તો કોઇ ચીજ નડે નહીં, સિવાય કે કોઇ અંગત બદઈરાદો એટલે કાર્યકારી ચેરમેનના ખુલાસામાં એક આના ભારની પણ સચ્ચાઈ હોય તો,બેંકના લેટરપેડ ઉપર કાર્યકારી ચેરમેનની સહી સિક્કા સાથે સ્પષ્ટ ઠરાવ પ્રકાશિત કરો શું બિલ્ડર પોતે જ મિલ્કત ખરીદનારને બાના કે સુથી માટે પૈસા આપે?

અને ફરીથી પોતાના પૈસાની એન્ટ્રી ગ્રાહક પાસેથી પરત મેળવી પોતાના પૈસે ગ્રાહકને સાટાખત કરી આપે એવું બને ?આવી રીતે સાંઠ-ગાંઠથી થયેલ સાટાખત ઉપર બેન્ક લોન પાસ કરે તેવું કૌભાંડ સિવાય ક્યાંય શકય છે ?

રાજકોટ નાગરીક સહકારી બેન્કના મેનેજમેન્ટ સામે બેન્કના જૂના કર્મચારી અને હદ્દેદારોનો આક્રોશ સામાન્યતો નથી જ આવનારા સમયમાં પણ નાગરીક બેન્ક બચાવો સંઘ એકાદ બે નહીં અનેક કૌભાંડોના પુરાવા સાથે પર્દાફાશ કરશે એવી સ્પષ્ટ ચિમકી ઉચ્ચારીએ છીએ.

નાગરિક બેંક બચાવો સંઘ દ્વારા થોડા દિવસો પૂર્વે મીડિયાના માધ્યમથી નાગરિક સહકારી બેંકની જુદી જુદી બ્રાન્ચમાં ચાલી રહેલા કોભાંડ અંગે માહિતી આપવામાં આવી હતી. જેના કારણે નાગરિક સહકારી બેક દ્વારા નાગરિક બેંક બચાવો સંઘના અગ્રણીઓ જેમાં ચંદુભા પરમાર, મનીષભાઈ ભટ્ટ, શરદભાઈ શેરા, વિબોધભાઈ દોશી, બાલુભાઈ શેઠ, માવજીભાઈ ડોડીયા અને યોગીભાઈ ખેંગાર સહિતનાઓને બેંક તરફ થી બદનક્ષી બાબતેની નોટિસ પાઠવવામાં ખાવી હતી જે નોટિસનો સણસણતો જવાબ નાગરિક બેંક બચાવો સંઘના અગ્રણીઓ દ્વારા લેખિતમાં નાગરિક બેકના સીઈઓ વિનોદકુમાર શર્માને પાકવી દેવામાં આવેલ છે.નાગરિક સહકારી બેંકના સીઈઓ ભરા નાગરિક બેંક બચાવો સંઘને જે માનહાનીની નોટિસ પાઠવવામાં આવી હતી. તેમાં બેંક દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, મુંબઈની કાલબાદેવી બ્રાન્ચ તેમજ જૂનાગઢની બ્રાન્ચમાં કોઈપણ પ્રકારની ગેરરીતી કે કોભાંડ આચરવામાં આવેલ નથી જેની સામે નાગરિક બેંક બચાવો સંઘ દ્વારા જવાબમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે, સંઘ પાસે બંને બ્રાન્ચમાં ગેરરીતી લોન આપવા સમયે આચરવામાં આવી હોવાના પૂરતા પુરાવા છે. બેંક કહેશે ત્યારે અમે તે પુરાવાઓ બેંક સમક્ષ રજૂ કરવા પણ તૈયાર છીએ. તો સાથે જ આગામી સમયમાં નાગરિક બેંક બચાવો સત્ય દ્વારા માત્ર આક્ષેપ જ નહીં પરંતુ કાલબાદેવી અને જુનાગઢ બ્રાન્ચ ખાતે બેંન્કના કયા કયા અધિકારીઓ તેમજ કર્મચારીઓ દ્વારા કૌભાંડ કઈ લોન સમયે આચરવામાં આવ્યા છે તે બાબતના નક્કર પુરાવા પણ જાહેર કરવામાં આવશે.તેમ જણાવ્યુ છે.




# હળવદના દીઘડીયા નજીક બેઠા પુલમાં યુવક પાણીમાં ફસાયો





હળવદ,તા.૧૮

વહેલી સવારના સમયે હળવદ નગરપાલિકાના ફાયર ઓફિસર રોહિત મહેતાને જાણ મળી હળવદ તાલુકાના દીઘડિયા નજીક આવેલ બેઠા પુલમાં યુવક પાણીમાં ફસાયો હોવાની પ્રાથમિક માહિતી મળી હતી ત્યારબાદ તાત્કાલિક ધોરણે હળવદ થી ત્યાં જવા ટીમ રવાના થઈ હતી ત્યાં પહોચી યુવકને રેસ્કયુ કરી બહાર કાઢવામાં આવ્યો હતો.

બાદ માં માલુમ પડ્યુ કે આ તો ડિઝાસ્ટર મેનેજમેન્ટ ની મોકડ્રીલ હતી આ કાર્ય દરમિયાન હળવદ ફાયર બ્રિગેડ ટીમ ,ટીડીઓ મેહુલ સિંધવ સહિત મામલતદાર કચેરી સ્ટાફ જોડાયો હતો.

# બાઈકની હડફેટે છ વર્ષના માસૂમ બાળકનું કમકમાટીભર્યું મોત

રાજકોટ. તા.૧૮

કણકોટના પાટીયા પાસે ક્રિકેટ રમી રહેલ છ વર્ષીય બાળક બોલ રોડ પર લેવાં જતાં બાઈકની ઠોકરે ચડી જતાં રોડ પર પટકાયો હતો. જેમાં બાળકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ટૂંકી સારવારમાં મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવ અંગે જાણ થતાં તાલુકા પોલીસ દોડી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, કણકોટના પાટીયા પાસે રહેતાં વિનોદભાઈ પરમારનો છ વર્ષીય પુત્ર પીયૂષ ગઈકાલે બપોરના સમયે ક્રિકેટ રમતો હતો .

ત્યારે બોલ રોડ પર જતાં તે બોલ લેવાં માટે રોડ પર ગયો હતો ત્યારે પુરપાટ ઝડપે આવેલ અજાણ્યાં બાઈક ચાલકે બાળકને



હડફેટે લીધો હતો. જેમાં બાળકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર કારગત ન નિવડતાં તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે જાણ થતાં તાલુકા પોલીસ દોડી આવી હતી અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી અકસ્માત સર્જનાર અજાણ્યાં બાઈક ચાલક સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.વધુમાં મૃતક બાળક છ ભાઈ-બહેનમાં વચ્ચેટ હતો. બનાવથી પરીવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

# ભરણપોષણના કેસમા પતિએ માસીક રૂા.૧૧ હજાર ચુકવવા કોર્ટનો આદેશ



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૧૮


રાજકોટમાં આંનદ નગર કોલોની વિસ્તારમાં માવતરે રહેતા જાનવીબેન ઉર્ફે જયોત્સનાબેને ગામ. વડીયા, તા.જી.અમરેલી ખાતે ધ ગુજરાત સ્ટેટ કો.-ઓપ. એગ્રીકલ્ચર એન્ડ રૂલર ડેવલોપમેન્ટ બેંક લી. માં નોકરી કરતા પતિ હર્ષદભાઈ ચાવડા સામે રાજકોટના મહે. ફેમેલી પ્રિન્સીપલ કોર્ટ સમક્ષ ભરણપોષણ મેળવવા માટેની અરજી કરેલ હતી.

અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, જાનવીબેન ઉર્ફે જયોત્સનાબેન તથા હર્ષદભાઈ ચાવડાના લગ્ન વર્ષ-૨૦૨૦ માં થયા હતા. ત્યારથી બનેં પતિ-પત્ની તરીકેના સંબંધો ધરાવે છે અને લગ્નજીવન થકી કોઈ સંતાન પ્રાપ્ત થયેલ નથી. લગ્નબાદ જાનવીબેન ઉર્ફે જયોત્સનાબેન તેમના પતિને ત્યાં લગ્નજીવન વિતાવવા ગયેલા. જયાં શરૂઆતમાં થોડા દિવસ સારીરિતે રાખ્યા બાદ તેમના પતિ તથા તેમના કુંટુંબીજનોના વાણી, વર્તન અને સ્વભાવમાં ફેરફાર થઈ ગયેલ અને રસોઈ બાબતે તેમજ ઘરકામ બાબતે હેરાન પરેશાન કરવા લાગેલ અને કરીયાવર વિગેરે બાબતે મેણાટોણાં મારવા લાગેલ અને અરજદારના કોઈપણ જાતના વાંક ગુના વગર નોકરાણી જેવું વર્તન કરતા, અને તેમના પતિ દારૂ પીવાની ટેવ ધરાવતા હોય અને અરજદારે, તેમના પતિને સમજાવતા અરજદારને લાફો મારી દીધેલ અને અરજદારને જરૂરીયાતની ચીજ-વસ્તુઓ લેવા ખર્ચના પૈસા પણ આપતા નહી અને મોબાઈલ પણ રાખવા દેતા નહિ, અરજદારના દિયર પણ અરજદારને ગાળો આપી ત્રાસ આપતા અને અરજદારના નંણદ પણ જેમફાવે તેમ અપશબ્દો બોલતા અને ઝઘડો થતાં તેમના પતિ તથા તેમના પરિવારજનોએ અરજદારને ઢીકાપાટુંનો માર મારી વિના કારણે ઝઘડો કરી પહેરેલ કપડે ઘરની બહાર કાઢી મુકેલ તેમના પિયરે રહેવાની ફરજ પાડેલ છે અને તેમજ પરણિતા પાસે કોઈ આવકનું સાધન ન હોય અને આવી મોંઘવારીમાં ગુજરાન ચલાવવું મુશ્કેલ હોય જેથી પરણિતા અરજદાર બની ફેમેલી કોર્ટમાંથી પતિ પાસેથી ભરણ પોષણની રકમની માંગ કરતી અરજી કરેલ હતી.

સદર કામ કોર્ટમાં ચાલી જતાં બનેં પક્ષોના પુરાવાઓ રેકર્ડ પર આવતા અરજદારના પતિ ધ ગુજરાત સ્ટેટ કો.- ઓપ. એગ્રીકલ્ચર એન્ડ રૂલર ડેવલોપમેન્ટ બેંક લી. માં ઓફીસ આસિસ્ટન્ટ તરીકે નોકરી કરીને માસીક નેટ પગાર રકમ રૂા.૨૭,૧૦૩ મેળવતા હોવાનું રેકર્ડ પર આવેલ હોય, તેમજ પગારમાં પણ ઉપરોતર વધારો થતો હોય તેવું કોર્ટ રેકર્ડ પરથી માનેલ હોય અને પરણિતાના વકીલ અજય એમ. ચૌહાણએ વિગતવાર દલીલોને તથા ઉચ્ચ અદાલતોએ ચુકાદાઓ ધ્યાને લઈને અરજદારની અરજી મંજુર કરી પતિએ, તેમની પત્નીને માસીક રકમ રૂા.૧૧,૦૦૦ અંકે રૂપિયા અગીયાર હજાર પુરા અરજીની તારીખથી એટલે કે તા. ૨૭/૦૨/૨૦૨૩ ના રોજથી ભરણપોષણ પેટે નિયમિત ચડયે ચડયા ચુકવી આપવાનો આખરી હુકમ ફરમાવેલ અને આ રકમ અરજીની તારીખથી મળતા અરજદારને, પતિ પાસેથી રૂા. ૧,૬૫,૦૦૦ ની ચડત ભરણપોષણની રકમ વસુલવા હકકદાર બનેલ છે જેનાથી પરણિતાએ રાહતનો દમ લીધેલ છે.

ઉપરોકત કેસમાં અરજદાર જાનવીબેન ઉર્ફે જયોત્સનાબેન તરફે રાજકોટના એડવોક્ટેસ અજયસિંહ ચૌહાણ, ડેનિશ જે. મહેતા, તથા મદદનીશ તરીકે તુષાર ડી. ભલસોડ રોકાયેલ હતા.

# જુના ઝઘડાનો ખાર રાખી ધમકી અપાઈ



રાજકોટ, તા.૧૮

રાજકોટની ભાગોળે આવેલ પારડી ગામમાં જુના ઝઘડાનો ખાર રાખી ધમકી અપાઈ છે. ફરજાનાબેને લલિત પરમાર સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી ફરજાનાબેન ફારૂકભાઈ ખુરેશી (ઉ.વ.૩૦, રહે. પારડી, શીતળા માંના મંદિર પાછળ, રિધ્ધી સિધ્ધી સોસાયટી, બહુચરાજી મંદિર પાસે)એ જણાવ્યું કે, ઘરકામ તથા મજુરીકામ કરી મારા પરિવારનું ગુજરાન ચલાવું છું. મારે સંતાનમાં એક દિકરો છે.

તેમજ મારા પતિ પાંચેક વર્ષ પહેલા અવસાન પામેલ છે. હાલ હું તથા મારો દિકરો મારા માતા-પિતા સાથે પારડી શીતળા મંદિર ખાતે રહીએ છીએ. ગઇકાલ તા. ૧૭/૬ ના રોજ રાતના દસેક વાગ્યાની આસપાસ હું તથા મારા માતા જુબેદાબેન પિતા નાથાભાઈ તથા મારો ભાઈ શાહરૂખ એમ અમે બધા ઘરે હતા. ગરમીની સીઝન હોય જેથી હું ઘરના દરવાજા બહાર બેઠેલ હતી. ત્યારે મારા ભાઈ શાહરૂખ અગાઉ લલિત પરમાર (રહે. પારડી શીતળા મંદિર જી.ઈ.બી.ની સામે) માથાકુટ થયેલ હોય તે લલીત તેનું બાઈક લઈ મારા પાસે આવેલ અને મને કહેલ કે, તારો ભાઈ ક્યાં છે તેને મારવો છે.

જેથી મે કહેલ કે ભાઈ તું અહીંથી જતો રહે. તેમ કહેતા આ લલિત ઉશ્કેરાઇ ગયો. અપશબ્દો બોલવા લાગ્યો. મેં મારા ભાઈને ઘર બહાર બોલાવતા લલિત તેને પણ અપશબ્દો કહેવા લાગ્યો. તેને કહેલ કે, એકવાર તો તું બચી ગયો છો, હવે પછી સામો ભેગો થાય ત્યારે તને જાનથી પતાવી દઇશ. ધમકી આપતા મારા ભાઈએ મોબાઇલ ચાલુ કરી વીડિયો ઉતારતા લાગતા લલિત તેનું સ્કુટર લઈ જતો રહેલ હતો.

વધુમાં ફરજાનાબેને કહ્યું કે, આ બનાવ બનવાનું કારણ એવુ છે કે, અગાઉ મારા ભાઇ શાહરૂખ સાથે લલિતને માથાકુટ થઈ હતી. તે બાબતે મારા ભાઇએ લલિત વિરુદ્ધ ફરીયાદ કરી હતી. જેનો ખાર રાખી લલિતે આ ધમકી આપી હતી. પોલીસે લલિત સામે ગુનો દાખલ કરી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# તંત્રી લેખ

## પ્રદુષણ...

દુનિયામાં છેલ્લા પચાસેક વરસથી રાષ્ટ્રનેતાઓ અને તેમની પ્રજાએ પર્યાવરણ કે આહારશુદ્ધિ વિશે માત્ર વારતાઓ જ કરી છે. જેનું પરિણામ એ આવ્યું છે કે ઘરે ઘરે પ્રજાના ભોજનથાળ સુધી ઝેરી રસાયણો છુપાયેલા સ્વરૂપમાં પહોંચી ગયા છે. બે દિવસમાં મટી જાય એવી આરોગ્ય તકલીફો માનવ શરીરમાં છ-છ મહિના સુધી ધામા નાંખે છે. બાળકો માટે માત્ર ઓસડિયાં હવે કામ કરતા નથી. દોડી દોડીને બાળતબીબો પાસે જવું પડે છે. નવોદિત માતાપિતા હવે તો બાળકો મોટા થાય ત્યાં સુધી એના આરોગ્યના આંટાફેરામાં જ વ્યસ્ત રહે છે. આ ચિત્ર કંઈ એકલા ભારતનું નથી. વિશ્વમાં બધે જ આ સ્થિતિ છે.

શુદ્ધ આહાર મળવો સહુને સુગમ નથી. વળી હજુ તો અશુદ્ધ આહારની ઓળખ જ પાકી થઈ નથી. પ્રજા એક વણઓળખ્યા સંકટમાં ફસાઈ રહી છે. આપણા ફૂડ ઈન્સ્પેક્ટરો જે બ્રાન્ડેડ કંપનીઓની ખાદ્ય સામગ્રીના નમૂના લે છે તે પણ તપાસમાં પાસ થતા નથી. વિદેશી બ્રાન્ડેડ કંપનીઓ સામે પણ આવા જ આરોપ મૂકવામાં આવે છે. આજની તારીખે માણસજાત એની બધી જ પર્યાવરણને નુકસાન પહોંચાડે એવી પ્રવૃત્તિઓ બંધ કરી દે તો પણ પર્યાવરણને થયેલા નુકસાનની મરામત તરતોતરત તો શક્ય નથી. આજથી આખી દુનિયામાં વાહનો બંધ થઈ જાય, અણુમથકોને તાળા લાગી જાય, ચીમનીના ધૂમાડા બંધ થઈ જાય, કચરો પેદા થાય એવા કોઈ પણ કામ ઉપર પ્રતિબંધ આવી જાય

આખી દુનિયાના પર્યાવરણનો ખુરદો બોલી રહ્યો છે. માલદીવના ટાપુઓથી લઈને વિયેતનામ સુધી અને ગ્રીનલેન્ડથી લઈને નાગાલેન્ડ સુધી બધે જ પર્યાવરણની તબાહી જોવા મળે છે. કુદરતી સૌંદર્યના અનુપમ દર્શન થાય એવી જગ્યા ભાગ્યે જ કોઈ બચી છે. એમેઝોનના જંગલોમાં આગ લાગી રહી છે તો ઇઝરાયેલનો ખારો સમુદ્ર સુકાઈ રહ્યો છે. સાઈબિરિયાનું વન સંકોચાઈ રહ્યું છે તો આફ્રિકાના ખુલ્લા મેદાનના વગડાઓ શહેરીકરણ નામની આપત્તિનો સામનો કરી રહ્યા છે. યુરોપ પાસે તો હરિયાળી કરતા બરફની શ્વેત સુંદરતા વધુ હતી, તો એ પણ અદ્રશ્ય થઈ રહી છે.

વૈશ્વિક વાતાવરણમાં વિકૃતિ લાવવાનો શ્રેય બધાને જાય છે, પણ એમાં મોટા દેશોનો સૌથી વધુ ફાળો છે. મોટા દેશો એટલે વિકસિત દેશો જે પોતાને મહાસત્તા કહેવરાવીને પર્યાવરણ વિરોધી ગેરફાયદા લઈ લે છે અને અમુક વિકાસશીલ દેશો પણ પોતે વિકસિત નથી એવું ગાણું ગાઈને પર્યાવરણનું નખ્ખોદ વાળતાં રહે છે. અમેરિકા, બ્રિટન, ચીન, ભારત, જાપાન, બ્રાઝિલ, ફ્રાન્સ વગેરે દેશો ગ્લોબલ વોર્મિંગ માટે સહુથી વધુ જવાબદાર છે. હવે તો ગલ્ફ દેશો પણ પેટ્રોલિયમને કારણે ખૂબ સમૃદ્ધ થઈ ગયા છે.

માલદીવના ટાપુઓ નજીકના ભવિષ્યમાં ડૂબી જવાના છે એ સૌ જાણે છે. ઈન્ડોનેશિયા અને મલેશિયાના ટાપુઓ પણ ખતરામાં છે. ટોકિયો, મુંબઇ, સિડની જેવા ઘણા મોટા શહેરો ઉપર દૂરના ભવિષ્યમાં મોટી આફત આવે એવી ભયજનક સંભાવના છે. કારણ કે સમુદ્રની સપાટી સતત વધતી જવાની છે. નવી દિલ્હીનું પ્રદૂષણ વિશ્વવિખ્યાત થઈ ચૂક્યું છે. ગંગા છેલ્લા કેટલાય દાયકાઓથી શુદ્ધ થઈ નથી અને હજુ કેટલાય દાયકાઓ સુધી શુદ્ધ થાય એવું લાગતું નથી. ગંગા સિવાયની એશિયાની મહાન નદીઓ પણ બહુ પ્રદૂષિત છે. બ્રહ્મપુત્રા કંઈ ડિસ્ટીલ્ડ વોટરનું વહન નથી કરી રહી.ચીનમાં પ્રદૂષણે માઝા મૂકી છે. ચાઇનાની એગ્રેસીવ આર્થિક અને સામાજિક નીતિએ ત્યાંના પર્યાવરણને તબાહ કરી મૂક્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ જેવા તરંગી નેતાઓ ગ્લોબલ વોર્મિંગને પરીકથાથી વિશેષ કશું માનતા નથી.

# દરેક તાલુકામાં અભ્યાસ વર્ગો યોજી કાર્યકરોને તાલીમ અપાશે

## પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે લોકસભા ચૂંટણીના પરિણામો પર ચર્ચા કરાઇ

ગાંધીનગર,તા.૧૮

સોમવારે કોંગ્રેસ પ્રદેશ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ અને પ્રભારી મુકુલ વાસનિકની ઉપસ્થિતિમાં પોલિટિકલ અફેર્સ કમીટીની બેઠક મળી હતી. આ બેઠકમાં લોકસભા ચૂંટણીના પરિણામો પર ચર્ચા કરવામાં આવી હતી.



બનાસકાંઠા બેઠક પરની જીત બદલ ગેનીબેન ઠાકોરને અભિનંદન આપવા સાથે પાટણ, આણંદ, ભરૂચ, સાબરકાંઠા જેવી બેઠકો પર જીત નહીં મળવા પાછળના કારણોનું વિશ્લેષણ કરાયું હતું.

આ બેઠકમાં એવું નક્કી કરાયું હતું કે, કોંગ્રેસ હવે તમામ તાલુકા સ્તરે સંગઠનને વધુ મજબૂત કરવા પ્રશિક્ષણ વર્ગો યોજશે. કોંગ્રેસ હવે આક્રમકતાથી જનતાના પ્રશ્નોનું પરિણામલક્ષી સમાધાન ન થાય ત્યાં સુધી લડત આપશે એવું પણ નક્કી થયું હતું. ખાસ કરીને વાસનિકે નેતાઓને ટકોર કરી હતી કે, માત્ર ચુંટણી વખતે જ નહીં સામાન્ય સંજોગોમાં નેતાઓ જનતા વચ્ચે રહે અને એમના પ્રશ્નોના ઉકેલ માટે જનતાનો અવાજ બને.

પ્રભારી વાસનિકે કમીટીની બેઠકમાં એવી પણ ટકોર કરી હતી કે, કાર્યકરોની જેમ નેતાઓ પણ સતત પ્રવાસ કરે. લોકો સાથે સતત સંપર્કમાં રહીને કાર્યકરો સાથે કામ કરે. આ ચૂંટણીના પરિણામો પરથી જણાય છે કે આપણે આપણા બુથ મેનેજમેન્ટને વધુ મજબૂત કરવું પડશે.

આ માટે આગામી સમયમાં દરેક તાલુકામાં અભ્યાસ વર્ગો યોજી કાર્યકરોને તાલીમ આપવામાં આવશે. બ્લોક, તાલુકા, જિલ્લા અને પ્રદેશ સ્તરે આ તાલીમનું મોડેલ અમલી બનાવાશે.

પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, કોંગ્રેસ આગામી સમયમાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓની તૈયારીઓને લઈને વધારે આક્રમકતાથી મેદાનમાં ઉતરશે. જનતાની સમસ્યાઓનો કોંગ્રેસ અવાજ બનશે.

# ભાજપ પ્રદેશ નેતાઓએ ઉમેદવારો પાસેથી ચૂંટણીના પરિણામોની જાણકારી મેળવી

ગાંધીનગર,તા.૧૮

લોકસભા ચૂંટણીના પરિણામ બાદ સોમવારે મુખ્યમંત્રી નિવાસસ્થાને પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ તથા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં તમામ ઉમેદવારો, પ્રભારીઓ સાથે એક બેઠક યોજાઈ હતી.



આ બેઠક પુર્વે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કેન્દ્રીય જળશક્તિમંત્રી પાટીલને શુભેચ્છાઓ પાઠવી હતી. પાટીલે બેઠકમાં જણાવ્યું હતું કે, લોકસભાની ચૂંટણીમાં મારી મહેનતમાં કયાંક કચાશ રહી ગઈ હશે એના લીધે આપણે અપેક્ષિત પરિણામ હાંસલ કરી શકયા નથી.

પરંતુ હવે આ પરિણામો પછી આપણે લોકો સાથેનો સંપર્ક અને નાતો ફરીથી સઘન બનાવવાનો છે. જનતાના અનેક પ્રશ્નોના ઉકેલ માટે આપણે સરકારમાં છીએ એટલે પ્રામાણિક પ્રયત્નો કરવા જોઈશે. ભાજપના કાર્યકરો માટે સતા એ સેવાનું માધ્યમ છે એ વાત કેન્દ્રમાં રાખવાની છે.

પ્રદેશ નેતાઓએ દરેક ઉમેદવારને વન ટુ વન મળીને પરિણામો અંગેની જાણકારી મેળવી હતી. કેટલાક ચુંટાયેલા સભ્યોએ પોતાના મતવિસ્તારમાં કયાં કેવી કામગીરી થઈ છે તેની જાણકારી આપી હતી. જો કે, કેટલાકે પક્ષ વિરોધી પ્રવૃતિ કોના દોરી સંચારથી થઈ છે તેનો ઘટસ્ફોટ કર્યો હતો.

અહીં નોંધવું જરૂરી છે કે ભાજપના ઉમેદવારો સામે જામનગર, વડોદરા, પાટણ, બનાસકાંઠા, આણંદ, ભરૂચ, વલસાડ, અમરેલીમાં કેટલાક અંશે પક્ષ વિરોધી કામગીરી કરાઈ હોવાની વિગતો બહાર આવી છે.

ખાસ કરીને પક્ષમાં વધતાં જતાં કોંગ્રેસીકરણ અને અગાઉ પક્ષ વિરોધી પ્રવૃતિ પછી પગલાં લીધા હોય એવા કાર્યકરોને વાજતેગાજતે પાછા લેવાથી અનેક કાર્યકરો નારાજ થયા હતા. આ નારાજગીએ ભાજપની એક ડઝન જેટલી બેઠકો પર લીડ કપાઈ હતી. આ બધા મુદ્દે જિલ્લાના રિપોર્ટ પર હવે પ્રદેશ નેતૃત્વ કેવી કાર્યવાહી કરે છે એના પર કાર્યકરોની નજર છે.

# અમરેલી : સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા સ્નેહ મિલન તથા સન્માન કાર્યક્રમ યોજાયો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૧૮

અમરેલી ખાતે તારીખ ૧૬/૦૬ રવિવારે સાંજે ૬:૩૦ કલાકે શ્યામ કેટરિંગ જીઆઇડીસી પ્લોટ નંબર ૪૦ ખાતે અમરેલી સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા સાંસદ ભરતભાઈ સુતરીયા, ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક કેશિકભાઇ વેકરીયા, શીતલ કુલ પ્રોડક્ટ ડ દિનેશભાઈ ભુવા આસિસ્ટન્ટ મેનેજર ગોહિલ, ચંદુભાઈ ચાવ, વિનુભાઈ મેતલીયા, જીગ્નેશભાઈ મોદી, કનુભાઈ ગોજારીયા વગેરેની ઉપસ્થિતિમાં સ્નેહ મિલન અને સન્માન કાર્યક્રમનું આયોજન થયું હતું. આ પ્રસંગે જીઆઇડીસીની સ્થાપના થયાને ૬૦ વર્ષ પહેલાંનો ઈતિહાસ તાજો કરવામાં આવ્યો હતો.નવ એક્ટરમાં ફેલાયેલ જીઆઇડીસી, તે સમયે શહેરથી ઘણી




દૂર હતી, નજીકમાં માત્ર રેલવે સ્ટેશન જ હતું. આ સમયે સેપ્રથમ ચાર ઓઇલ મીલ શરૂ થઈ હતી. ભાયા બાપા, શંભુ બાપા, ગોવિંદ બાપા, જેવા ઉદ્યોગ સાહસિકોએ શરૂઆત કરી હતી. ત્યારબાદ ઓઇલ મીલ આધારિત નાના -મોટા ઉદ્યોગોની શરૂઆત થઈ અને શિંગદાણાનો ઉદ્યોગ મોટા પાયેશરૂ થયો. આજે ૧૨૦ નાના મોટા યુનિટો જીઆઇડીસીમાં શરૂ છે . અમરેલીની લિમિટેડ કંપની શીતલ કુલ પ્રોડક્ટ જેવી એફ એમ સી જી સેક્ટરની સમગ્ર દેશમાં વિકસતી કંપની છે. જે આંતરરાષ્ટ્રીય લેવલે પોતાની પ્રોડક્ટ્સ એક્સપોર્ટ કરે છે. આશરે ૨૦૦૦ થી વધુ લોકો રોજગારી મેળવે છે. સમગ્ર જીઆઇડીસીમાં પાંચથી છ હજાર લોકોને રોજગારી મળે છે. એગ્રીકલ્ચર, પ્રોસેસિંગ, એફએમસીજી, મેટલ, પ્લાસ્ટિક, ટ્રાન્સફોર્મર, જનરેટર, મશીનરીઝ, સોફટવેર, પેકેજીંગ, ઇલેક્ટ્રોનિક્સ જેવા અનેક યુનિટો કાર્યરત છે. કેશિકભાઈ વેકરીયાને ચંદુલાલચાવં, વિનુભાઈ મેતલીયા, જીગ્નેશ ભાઈ મોદી, ભુપેન્દ્રભાઈ પટણી, દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. ભરતભાઈ સુતરીયાને દિનેશભાઈ ભુવા, કનુભાઈ ગોજારીયા, સુધીરભાઈ રાજા, નાથાભાઈ ભંડેરી એ સન્માનિત કર્યા હતા.

# મીઠાપુર ટાટા હોસ્પિટલ ખાતે યોજાયેલ કેમ્પને સફળતા મળી



(દિવ્યેશ જટણીયા દ્વારા)

મીઠાપુર,તા.૧૮

ઓખામંડળ તાલુકાનાં ઔધોગિક શહેર મીઠાપુર ખાતે છેલ્લા ૭૫ વર્ષ થી કાર્યરત એવા ટાટા હોસ્પિટલ માં ગત ૧૬/૬ને રવિવાર નાં યોજાયેલા હેલ્થ કેમ્પ ને સફળતા પ્રાપ્ત થઈ છે. આ કેમ્પ માં ટોટલ ૨૦૮ જેટલાં દર્દીઓ એ સારવાર મેળવી હતી.આ કેમ્પ યોજવા માટેનું મુખ્ય કારણ જણાવતાં ટાટા કેમિકલ હોસ્પિટલ નાં ચીફ હેલ્થ એન્ડ વેલનેસ ઓફિસર ડો. સંજીવ ભટનાગર સાહેબે આજની ઝડપી લાઇફ સ્ટાઈલ માં પણ લોકોએ પોતાના સ્વાસ્થ્ય નું પુરેપૂરું ધ્યાન રાખે એ ખૂબ જ જરૂરી હોય એમ જણાવ્યું હતું. આ કેમ્પ માં ફિઝીસીયન અને સર્જન ડોકટરો દ્વારા વિનામૂલ્યે ચેક અપ અને એક્સપર્ટ ઓન્કોલોજિસ્ટ તેમજ કાર્ડિયોલોજિસ્ટ દ્વારા સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

# પિપાવવા નજીક રેલ્વેનાં પાયલોટ અને વનકર્મીઓએ ૧૦ સિંહોને બચાવ્યાં

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લાનો રેલ્વે ટ્રેક સિંહો માટે ઘાતક સાબિત થતો આવ્યો છે. પણ હાઈકોર્ટની કડક સૂચના બાદ વનવિભાગ વધુ સતર્ક બન્યું છે. સિંહોની સુરક્ષામાં સતત કાળજી રાખી રહ્યું હોય, ત્યારે આજે વહેલી સવારે ૪ જેટલી ઘટનાઓમાં સિંહો રેલ્વે ટ્રેક પર આવી ગયા હતા. જેનેબચવવામાં વનવિભાગ સફળ સાબિત થયેલું હતું. તો રેલ્વે તંત્રનાં ડ્રાઇવરોની ખાસ સમયસૂચકતાને કારણે સિંહોનો બચાવ થયેલો હતો. જેમાં રાજુલાના પીપાવાવ નજીક પાઈલોટની સમય સૂચકતાથી મોટી દુર્ઘટના ટળી હતી. ૧૦ જેટલા સિહો રેલ્વે ટ્રેક પરઆવી ચડતા



રેલ્વે પાઈલોટે ટ્રેઈન થંભાવી દીધી હતી. જેમાં અલગ અલગ રેલ્વે ટ્રેક પર આવી કુલ ૪ ઘટનાઓ ઘટી હતી. પ્રથમ ૧ માદા સિંહણ સાથે ૬ પાઠડા સિંહો પીપાવાવના રેલ્વે ટ્રેક પરથી બચાવવામાં રેલ્વે તંત્ર સફળ સાબિત થયું હતું. રેલ્વે ડ્રાઈવરની સમસચુક્તા ને કારણે બ્રેક મારી સિંહોનો જીવ બચી જવા પામ્યો હતો.રાજુલાનાં પીપાવાવ પોર્ટ સ્ટેશનથી પીપાવાવ પોર્ટ સાઇડીગ તરફ જતા ૧૦ સિંહોનો બચાવ થયો હતો. સિંહો રેલ્વે ટ્રેક પર બેસેલા જોવા મળતા ડ્રાઈવરે જંગલના રાજા માટે કાળજી રાખીને ગુડઝ ટ્રેન રોકાયા બાદ ૧૦ જેટલા સિહો રેલ્વે ટ્રેક પરથી દૂર થયા બાદ ટ્રેનને આગળ ધપાવી હતી ને ફરી સિંહો રેલ્વે અકસ્માતમાં ૧૦ સિંહોના મોતની ઘટના અટકતા સિંહપ્રેમીઓમાં ખુશી જોવા મળી હતી. જયારે જૂન માસમાં ૬૪ જેટલી ઘટનાઓમાં સિંહો રેલ્વે ટ્રેક પર આવી ગયા હતા ને ૧૧૪ જેટલા સિંહોનો બચાવ થયો હોવાનું વનવિભાગ શેત્રુજી ડિવિઝનનાં ડી સી. એફ જયંત પટેલે માહિતી આપી હતી.

### અધિક કલેકટરનાં અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

# અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં શાળા પ્રવેશોત્સવ યોજાશે

**ધો.૧માં ૧૧,૨૨૨ અને ધો.૯મા ૧૨૭૪૩ બાળકો પ્રવેશ કરશે**

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૧૮

અમરેલી તા.૧૪ જૂન, ૨૦૨૪ (શુક્રવાર) અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં જૂન-૨૦૨૪ની તા.૨૭-૨૮-૨૯ દરમિયાન શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવવામાં આવશે. ભૂલકાઓ અને ધો. ૦૧ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ સાથે આ વર્ષે પ્રાથમિક શિક્ષણમાંથી માધ્યમિક શિક્ષણમાં ધો. ૦૯માં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને પણ શાળા પ્રવેશ કરાવવામાં આવશે. આ કડીનાં ભાગરુપે અમરેલી જિલ્લા સેવા સદન ખાતે નિવાસી અધિક કલેક્ટર દિલિપસિંહ ગોહિલના અપ્રયક્ષ સ્થાને શાળાપ્રવેશોત્સવ આયોજન અને અમલીકરણ સમિતિની બેઠક સંપન્ન થઈ હતી. આ બેઠકમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણીએ અમરેલી જિલ્લામાં યોજવામાં આવનાર શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમની રુપરેખા આપી હતી. નિવાસી અધિક કલેક્ટરએ કાર્યક્રમના રુટ, અધિકારી-પદાધિકારીઓ સહિનાં મહાનુભાવોને શાળાઓની ફાળવણી બાબતે કરવાની થતી વ્યવસ્થાઓ અને આયોજન અંગેની વિગતો મેળવી, તમામ આયોજન સુચારૂ રીતે થાય તે માટે શિક્ષણ કચેરીના અધિકારીઓને માર્ગદર્શન આપ્યુંહતું.

અમરેલી જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન સંભવિત ૯૫ રુટ પર ૭૫૯ પ્રાથમિક શાળાઓ અને ૧૭૫ માધ્યમિક શાળાઓમાં પ્રવેશપાત્ર ધો.૦૧માં ૫,૭૪૪ કુમાર તેમજ ૫,૪૭૮ કન્યા સહિત ૧૧,૨૨૨, ધો. ૦૯માં ૬,૫૫૫ કુમાર, ૬,૧૮૮ કન્યા સહિત ૧૨,૭૪૩, આંગણવાડીમાં ૨,૫૦૬ કુમાર, ૨,૩૮૭ કન્યા સહિત ૪,૮૯૩, બાલવાટિકામાં ૪૫૯૭૩ કુમાર, ૫૮૪૯ કન્યા સહિત ૧૧,૮૨૨ બાળકોનો પ્રવેશ થશે. દરેક રુટ પર રાજય અને જિલ્લા કક્ષાના અધિકારી-પદાધિકારીઓ તેમજ મહાનુભાવોને સોંપવામાં આવેલી ફરજ મુજબ કાર્યક્રમ યોજાશે.૫૦%થી નીચે સાક્ષરતા ધરાવતા ગ્રામ્ય વિસ્તારમાં ધો.૦૧માં પ્રવેશ મેળવતી કન્યાઓને તથા શહેરી વિસ્તારમાં બી.પી.એલ. કાર્ડ ધરાવતા વાલીની, ધો.૦૧માં પ્રવેશ મેળવતી કન્યાઓને શાળા પ્રવેશ સમયે કન્યા દીઠ રૂ.૨,૦૦૦ના વિદ્યાલક્ષ્મી બોન્ડ રાજય સરકાર દ્વારા આપવામાં આવે છે, જે કન્યા ધો. ૦૮ સુધી અભ્યાસ પૂર્ણ કરે તેવી કન્યાઓને પાકતી મુદ્દતે બોન્ડની રકમ રુ.૨૦૦૦ નિયત વ્યાજની રકમની ચૂકવણી કરવામાં આવે છે.વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં ચાલુ વર્ષે ધો.૧માં પ્રવેશ મેળવનાર ૧,૯૪૪ કન્યાઓને કન્યા દીઠ રુ. ૨,૦૦૦ના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે. વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં ધો.૮ સુધીનો અભ્યાસ પૂર્ણ કરનાર ૧,૬૬૧ કન્યાઓને બોન્ડની પાકતી મુદતની રકમની ચૂકવણી કરવામાં આવશે.

આ બેઠકમાં પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને આરટીઇ નોડલ અધિકારી સોલંકી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધિકારીઓ તેમજ સંબંધિત કચેરીના અધિકારી- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૦.૬ કિલો પ્રતિબંધીત પ્લાસ્ટિક જપ્ત

## ગંદકી કરતા આસામી પાસેથી રૂા.૪૯૯૫૦નો ચાર્જ વસુલાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૮

મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૨૦૪ આસામીઓ પાસેથી ૨૦.૬ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૪૯૯૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.



સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૮૦ આસામીઓ પાસેથી ૯.૦૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૬૯૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૮૬ આસામીઓ પાસેથી ૯.૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૨૨૭૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૮ આસામીઓ પાસેથી ૨.૧૬ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૦૨૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરસ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઇજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

# અંતે સાવરકુંડલાની ૩ શાળાઓની માન્યતા રદ કરાઈ

## નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરીને ચાલતી ૩ શાળાની એક વર્ષની તપાસનાં અંતે માન્યતા રદ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૧૮

સાવરકુંડલા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલ ચાર જેટલી ખાનગી પ્રાથમિક શાળાઓ વિષે વાલીઓ દ્વારા અવાર નવાર જુદા જુદા પ્રકારની અનિયમિતતાઓ બાબતે સરકારમાં રજુઆત કરવામાં આવેલ.આ અનુસંધાને સૌ પ્રથમ સ્થાનિક તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા તપાસ કરીને આવેલ ફરિયાદોમાં તથ્યતા બાબતે જીલ્લા શિક્ષણાધિકારી અમરેલીને રીપોર્ટ કરવામાં આવેલ હતો. આ રીપોર્ટ અનુસંધાને જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા વિવાદીત ચારેય શાળાઓ જેમાં મનીષા ઈંગ્લીશ સ્કૂલ, રાજ એકેડમી પ્રાથમિક શાળા, ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળા તથા જ્ઞાનગંગા પ્રાથમિક શાળાના સંચાલકોને રૂબરૂ જરૂરી દસ્તાવેજોરજુ કરવા અને અનિયમિતતાઓ દુર કરવા તાકીદ કરવામાં આવેલ. પરંતુ મુખત વીત્યે પણ શાળાઓમાં જરૂરી સુધારાઓ કરવામાં આવેલ નહી. આથી જીલ્લા પ્રાથમિશિક્ષણાધિકારી દ્વારા ત્રણ જુદા જુદા તાલુકાના પ્રાથમિક શિક્ષણાધિકારી ઓ ની એક ખાસ તપાસ ટીમ બનાવીને આ ચારેય વિવાદીત શાળાઓની તલસ્પર્શી તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં પણ અસંખ્ય ગેરરીતીઓ બહાર આવી હતી. જેમાં એક શાળામાં સંચાલકનું રહેઠાણ અને શાળા એક જ ઓસરીમાં હતાં..! ફકત એક જ ઓરડામાં ધો ૧ થી ૮ ના વિદ્યાર્થિઓને એકસાથે એક જ શિક્ષક અભ્યાસ કરાવતા માલૂમ પડેલ. વળી શાળા માન્યતા પ્રાપ્ત સ્થળ બિલ્ડિંગ વિસ્તારને બદલે ૪ અન્ય ભાડાનાં મકાનમાં શરૂ હતી.જ્ઞાન ગંગા સ્કુલમાં પણ આ જ હાલત હતી. આ ઉપરાંત અન્ય એક રાજ એકેડમી પ્રાથમિક શાળાને તો જયાં જે બિલ્ડિંગની માન્યતા મળેલ ત્યાં ખરેખર બિલ્ડિંગ જ નથી કે આવી કોઇ શાળા જ નથી ત્યાં તો વાસ્તવિક રીતે આખુ કોમર્શિયલ શોપિંગ સેન્ટર જ ખડું છે. તપાસમાં ખુલ્યુ કે આ રાજ એકેડમી શાળા જેનું સ્થળ મણીનગર મહુવા રોડ દર્શાવેલ છે તે ત્યાંથી ત્રણ કિ.મી. દૂર અન્ય દિશામાં ભૂવા રોડ ઉપર આવેલ ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સાથે બેસાડવામાં આવે છે. એટલેકે શાળા બિલ્ડિંગ એક જ સ્થળ... વર્ગો એક જ સ્થળ...આચાર્ય એકજ...શિક્ષકો એક જ પરંતુ શાળા બે ચાલે ...!!

એક જ વર્ગમાં જુદી જુદી બે શાળા ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળા અને રાજ એકેડમી પ્રાથમિક શાળાના વિદ્યાર્થિઓ અભ્યાસ કરે... છે ને કમાલ..?!! આ બધો ખેલ માત્રને માત્ર આર. ટી. ઇ. અંતર્ગત સરકારની ગ્રાન્ટ મેળવવા માટેનો હોય છે. નાયબ શિક્ષણ નિયામક ગાંધીનગરની સૂચનાનુંસાર જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અમરેલીના હુકમ શિક્ષ/આયો/ખાનગી શાળા/ વર્ગો બંધ/વશી/પરર/૦૬/ ૨૦૨૪થી, (૧) જે.કે. એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ મનીષા ઈંગ્લીશ સ્કુલ, (૨) સ્વામિનારાયણ એજયુકેશન ટ્રસ્ટ ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળા, (૩) જે.એસ.પી. એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ રાજ એકેડમી પ્રાથમિક શાળા, ધોરણ ૧ થી ૮ ની માન્યતા કાયમી ધોરણે રદ કરવા હુકમ કરેલ છે.

આ ઉપરાંત જ્ઞાન ગંગા પ્રાથમિક શાળાના સંચાલકોએ ગયા વરસે જ સ્વેચ્છાએ શાળા બંધ કરવાની દરખાસ્ત રજુ કરી હતી.

# રાજકોટમાં માર્ગી વૈષ્ણવ સાધુ-સમાજ યોજીત સરસ્વતિ સન્માન


(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૮

રાજકોટ ખાતે કોઠારીયા રોડ બાલાજી મંદિર બ્રહ્માણી હોલ સામે, રાજકોટ શહેર માર્ગી વૈષ્ણવ સમાજ યોજીત સન્માન સમારોહનું તા. ૩૦/૦૬ના સાંજના ૪ થી સંતો-મહંતો, અગ્રણીઓની ઉપસ્થિતિમાં ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે. આ અંગે આયોજન માટે આગેવાનોની મીટીંગ મળેલ હતી. જેમાં વિવિધ સમિતિની રચના કરી આ અનમોલ આયોજન કરવામાં આવેલ છે. આગેવાનોની સલાહ, સુચના પ્રમાણે સમારોહને સફળ બનાવવા પ્રયત્નશીલ કાર્ય કરી રહેલ છે. ધોરણ-૧ થી ૧૨ ના વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓને સન્માનીત કરવામાં આવશે જેનો ૬૫% ઉપર માર્કસ હોવા જરૂરી તેમ યાદીમાં જણાવેલ છે. માર્કશીટ, આધારકાર્ડ તેમજ મોબાઈલ નંબર, ફોટા સાથે વિગત મોકલવા જણાવેલ છે. ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૩/૦૬ સુધી જ રહેશે.

વધુ માટે સંપર્ક ૯૨૬૫૬ ૮૮૨૩૪ જીજ્ઞેશભાઈ ગોડલીયા તેમજ ૯૩૭૪૧ ૨૭૪૧૨ રમેશભાઈ સરપદડીયા પર કરવા જણાવેલ છે. કલાકાર પત્રકાર તુલસીદાસ ગોંડલીયાની યાદીમાં જણાવેલ છે.

# સાવરકુંડલામાં રૂા.૩ કરોડથી વધુના ખર્ચે બનશે સર્કીટ હાઉસ





અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લાનો સૌથી મોટો ગણાતો તાલુકો એટલે સાવરકુંડલા અં સાવરકુંડલા શહેરમાં આજની આધુનિક ટેકનલોજી અને સુંદર સુવિધાઓથી સજ્જ એક સર્કીટ હાઉસ બને તેવી સાવરકુંડલા લીલિયા વિધાનસભા બેઠકના ધારાસભ્ય મહેશ કસવાળાએ કરેલી હતી જેના ફળ સ્વરૂપે વિકાસનો પર્યાય બનેલા રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જ્યારે જ્યારે વિકાસ અંગેની ધારાસભ્ય મહેશ કસવાળાની લાગણીઓ ભર્યા પત્રો ને સકારાત્મક અભિગમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ માંગણીઓ પૂર્ણ કરી રહ્યા હોય ત્યારે સાવરકુંડલા આજુબાજુના ૮૦ થી ૧૦૦ કિલોમીટર સુધીમાં પાલીતાણા, સાસણ, રાજુલા, ધારી, સહિતના મુખ્ય મથકો માટે આશીર્વાદ રૂપ ગણાતું સર્કીટ હાઉસ જો સાવરકુંડલા શહેરમાં આકાર પામે તેવી તાતી જરૂરિયાત સાથે વીઆઈપી મોમેન્ટ વખતે મુશ્કેલીઓ નિવારવા માટે ધારાસભ્ય કસવાળાની સરકાર સમક્ષની લાગણીઓ પર ૩ કરોડ ૫૯ લાખ ૯૪ હજારની રકમ મંજૂર થયા બાદ માર્ગ મકાન વિભાગના સચિવે પણ પત્ર પાઠવીને અમરેલી કલેકટર અજય દહીયાએ જમીન ફાળવણી આર એન્ડ બી વિભાગને કરી દીધા બાદ ટુંક સમયમાં સાવરકુંડલા શહેરમાં એક અતિ આધુનિક અને અધ્યતન ટેકનોલોજી સભર સર્કીટ હાઉસ નવનિર્મિત થશે તેવું સત્વ ''અટલધારા'' કાર્યાલયના ઇન્ચાર્જ જે.પી.હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# NEETનું પેપર લીક કરનાર દોષીઓ ઉપર કડક પગલાં લેવામાં આવે

## ‘આપ’ વિદ્યાર્થી પાંખ CYSS દ્વારા રાજકોટ ખાતે વિરોધ પ્રદર્શન કરાયું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૧૮

NEET ની પરીક્ષામાં દેશવ્યાપી મોટું કૌભાંડ અચરવામાં આવ્યું છે, જેના કારણે લાખો વિદ્યાર્થીઓના સપના પર પાણી ફરી ગયા છે. આ મુદ્દા પર આમ આદમી પાર્ટીના છાત્ર વિંગ છાત્ર યુવા સંઘર્ષ સમિતિ (CYSS) દ્વારા, CYSS ગુજરાત ઉપપ્રમુખ સુરજ બગડા, CYSS રાજકોટ પ્રમુખ પ્રણવ ગઢવીની અધ્યક્ષતામાં રાજકોટ ખાતે વિરોધ કરી માંગ કરવામા આવી કે, સરકારી કોલેજમાં એડમીશન મેળવવા માટે વિદ્યાર્થીઓ દિવસ-રાત તનતોડ મહેનત કરે છે અને વાલીઓ કોચિંગ સેન્ટરોમાં મસમોટી ફી ભરે છે. અત્યાર સુધી એવું જોવામાં આવતું હતું કે સરકારી ભરતીની પરીક્ષાઓના ગોટાળાઓ સામે આવતા હતાં પણ આ વખતે તો NEET-UG જેવી પરીક્ષાઓમાં પણ ગોટાળાઓ થયા છે જે અતિગંભીર બાબત છે.

આ સમગ્ર ઘટનામાં અનેક શંકાના બિંદુઓ છે જે અલગ અલગ સમાચારપત્રો, ચેનલો અને સોશિયલ મીડિયાના માધ્યમથી વિદ્યાર્થીઓએ, વાલીઓએ અને શિક્ષણવિદોએ ઉઠાવ્યા છે. પરીક્ષાના રજીસ્ટ્રેશનની તારીખ વારંવાર લંબાવવી, પરિણામ






અગાઉ જાહેર કરી દેવું, પ્રશ્નપત્રમાં છબરડાઓ, OMR જવાબપત્રના ગોટાળાઓ, રેન્કિંગમાં ગોટાળાઓ, ગ્રેસ માર્ક્સ આપવામાં ગોટાળાઓ, વગેરે જેવી અનેક ગંભીર ક્ષતિઓ આ ઘટનામાં સામે આવી છે જે દર્શાવે છે કે આ માનવીય ભૂલો નથી પણ જાણીજોઈને કરાયેલો એક ગંભીર ગુનો છે.જે દિવસે પરીક્ષા હતી એ જ દિવસે બિહારમાં NEET નું પેપર લીક કરનારાઓની ધરપકડ કરાઈ હતી અને FIRમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે પટનાની હોસ્ટેલ એક હોસ્ટેલમાં અનેક વિદ્યાર્થીઓને અગાઉથી જ પ્રશ્નપત્ર મળી ગયું હતું. આ પ્રશ્નપત્ર આ ટોળકી પાસે કેવી રીતે પહોંચ્યું ? એક સાથે ૬૭ વિદ્યાર્થીઓને ૭૨૦ માંથી ૭૨૦ માર્ક્સ કેવી રીતે મળી શકે ? આ ૬૭ માંથી ઘણા બધા વિદ્યાર્થીઓ તો એક જ સેંટરના છે. આ પરીક્ષામાં સાચા જવાબ બદલ ૪ ગુણ મળે છે અને ખોટા જવાબ બદલ ૧ ગુણ કાપી લેવામાં આવે છે તો કોઈ વિદ્યાર્થીને ૭૧૮ કે ૭૧૯ ગુણ કેવી રીતે મળી શકે ?

ગોધરામાં આનાથી પણ વધુ આશ્ચર્યજનક ઘટના બની છે. અહીં વ્યવસ્થા એવી હતી કે પૈસાના આધારે આખું સેન્ટર વેચાઈ ગયું. NEETનું પરીક્ષા કેન્દ્ર ગોધરાની જલારામ સ્કૂલમાં હતું. આ સેન્ટરમાં ૩૦ વિદ્યાર્થીઓને ખોટી રીતે પરીક્ષા આપવામાં આવી રહી હતી. અહીં માત્ર ગુજરાતના સ્થાનિક વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ મહારાષ્ટ્ર, ઓરિસ્સા, બિહાર અને ઝારખંડ જેવા રાજ્યોના વિદ્યાર્થીઓ પણ અહીં આવ્યા હતા. હવે કોઈ પણ વિદ્યાર્થી પોતાનું રાજ્ય છોડીને ગુજરાતના ગોધરામાં આવેલા આ કેન્દ્ર પર જઈને પરીક્ષા શા માટે આપવા આવે ? જો ગોધરાના એક સેન્ટર પર આ સેટિંગ થઈ શકે, તો આ સેટિંગ દેશના કોઈ પણ સેન્ટરમાં થઈ શકે. આવા તો અસંખ્ય વ્યાજબી અને તાર્કિક સવાલો આ પરીક્ષાના આયોજન અને પરિણામ ઉપર ઉભા થઇ રહ્યા છે.આ ઉપરાંત, NTA દ્વારા જેટલી પરીક્ષાઓ લેવાય છે એમાં પણ દર વર્ષે કઈ ને કઈ ગેરરીતિઓ સામે આવે જ છે. ટેકનીકલ એરર, છેલ્લી ઘડીએ પરીક્ષાનું સેંટર બદલી નાખવું, પરીક્ષા અલગ વિષયની અને એમાં પેપર અલગ વિષયનું આવવું, વગેરે જેવી ગેરરીતિઓ હવે જગજાહેર છે જે બતાવે છે કે આટલી ગંભીર અને મોટી પરીક્ષાઓનું આયોજન કરવા માટે NTA સક્ષમ નથી.

આથી, સમગ્ર દેશના વાલીઓ અને વિદ્યાર્થીઓ વતી અમારી માંગણી છે કે...૧. NEETની પરીક્ષા ફરીથી લેવામાં આવે. ૨. NTA સિવાયની અન્ય સક્ષમ સંસ્થાને પરીક્ષાના આયોજનની જવાબદારી આપવામાં આવે. ૩. આ ઘટનાના દોષીઓ ઉપર કડકમાં કડક પગલાં તાત્કાલિક લેવામાં આવે. ૪. ભવિષ્યમાં આવી ઘટના ક્યારેય ન બને એ માટેનું આગોતરું આયોજન અને નીતિઓ બનાવવામાં આવે.

## કર્મચારીઓને લઘુતમ વેતન અપાવતા ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી

રાજકોટ,તા.૧૮

અગ્નિકાંડના પીડિતોને ન્યાય અપાવવા છેલ્લા ૧૭ દિવસથી સતત રાજકોટ રહીને સંઘર્ષ કરી રહેલા વડગામના ધારાસભ્ય અને કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ જીજ્ઞેશ મેવાણી જામનગર રોડ પરના સરકારી પથિકાશ્રમમાં રોકાયેલા છે. તેઓએ અહીંયા પોતાના રોકાણ દરમિયાન રિસેપ્શન ઉપર કામ કરતાં યુવાન કર્મચારીને પૂછ્યું કે કેટલો પગાર તમને આપે છે? જવાબ મળ્યો કે ૮ હજાર ! તુરંત જ જીજ્ઞેશ મેવાણીએ કલેકટર અને રાજ્યસરકારના શ્રમ રોજગાર વિભાગના સચિવ અંજુ શર્માને ફોન કરીને જાણ કરી કે ગયાં વર્ષે થયેલા વેતન સુધારા મુજબ સર્કિટ હાઉસના કર્મચારીઓનું લઘુતમ ધારા પ્રમાણે વેતન ૧૨ હજારથી ઓછું હોઈ શકે નહીં, આ તો નર્યું શોષણ છે.વધુમા કે આ કર્મચારીઓને પગાર સ્લીપ પણ અપાતી નથી અને પી.એફ. પણ કપાતુ નથી. બીજા દિવસે, ધારાસભ્ય સીધા કલેકટર પાસે પહોંચી ગયા અને મુદાસર તેઓએ રજૂઆત કરી કે પથિકાશ્રમના સફાઈ કર્મચારી બહેનો અને તમામ સ્ટાફને



સરકારે નિર્ધારિત કરેલા લઘુતમ વેતન કરતા દર મહિને ૪ હજાર રૂપિયા ઓછા આપી દરેક કર્મચારીને વર્ષે ૫૦ હજારનું નુકશાન પહોંચાડી એમની મહેનતના રૂપિયા કોન્ટ્રાકટર ખવાય જાય છે.આ રજૂઆતોને પગલે શ્રમ અને રોજગાર વિભાગ અને રાજકોટ કલેકટર તંત્ર હરકતમાં આવતાં પથિકાશ્રમની મુલાકાતે આસિસ્ટન્ટ કમિશનર ઓફ લેબર અને શ્રમ અધિકારીને દોડાવ્યા હતા, જેઓને સ્થળ મુલાકાત દરમિયાન જાણવા મળેલ કે ખરેખર અહીંના કર્મચારીઓને નિયમાનુસાર વેતન ચૂકવવામાં આવતું નથી. આખરે ધારાસભ્યની આ રજૂઆત બાદ કોન્ટ્રાક્ટરને સૂચના આપી દેવામાં આવેલ છે કે દરેકને મહિને લઘુતમ વેતન પ્રમાણે પગાર ચૂકવવો જેને પગલે આ કર્મચારીઓનો પગાર ૮ હજારથી વધીને ૧૨ હજાર ૭૦૦ રૂપિયા કરી દેવામાં આવતા તેઓ આનંદની લાગણી અનુભવતા હતા.

અહીંના એક કર્મચારીએ જણાવ્યું હતુ હતુ કે અમારે અહી(પથિકાશ્રમ અને સર્કિટ હાઉસ),, પ્રાંત અધિકારીઓ, મામલતદારો, ધારાસભ્યો, સાંસદ સભ્યો સહિત અનેક મહાનુભાવો તમામ રોકાતા હોય છે પણ આજદિન સુધી તેમના જીવન વિશે કોઈ દરકાર લીધી ના હતી.

ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ આ મુદ્દે જણાવ્યું હતું કે સમગ્ર રાજકોટની સરકારી ઓફીસોમાં તેઓની વારંવારની રજૂઆતો છતાં કર્મચારીઓને લઘુત્તમ વેતન ચૂકવવામાં આવતું નથી, તેની ફરિયાદ આવનાર ૧૮ જૂનના રાજ્યના ચીફ સેક્રેટરી સમક્ષ કરવાના છે અને નાના કર્મચારીઓના શોષણ જેવા અનેક મુદાઓને લઈ રજૂઆત કરી તાકીદે નિરાકરણ કરી ન્યાય અપાવવાના પ્રયાસ કરી તેવુ જણાવ્યુ હતુ.

## પુસ્તકાલયનાં સભ્યો માટે જુના મેગેઝીનો તેની મુળ કિંમતના દસ ટકાનાં ભાવથી વેચાણ કરાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૧૮

મહાનગરપાલિકા સંચાલિત પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય, બહેનો તથા બાળકો માટેના ફરતા પુસ્તકાલય યુનિટ નં.-૧ અને ૨ તથા દતોપંત ઠેગડી પુસ્તકાલય તથા મહિલા વાંચનાલય, મહિલા એક્ટીવીટી સેન્ટર તથા આબેડકર ભવન પુસ્તકાલય તથા બાબુભાઈ વૈધ લાઈબ્રેરી, ચાણકય પુસ્તકાલયનાં સભ્યો માટે ગત વર્ષના જુના મેગેઝીનો તેની મુળ કિંમતના દસ ટકાનાં ભાવથી તારીખ:૧૯/૦૬થી તારીખ:૨૯/૦૬ સુધી વેચાણ કરવામાં આવશે. જેનો લાભ લેવા ઇચ્છતા સભ્યોને સોમવારથી શુક્રવાર સવારે ૧૧થી સાંજના ૫ સુધી (૧) પ્રભાદેવી જે.નારાયણ પુસ્તકાલ, કરણપરા ચોક (૨) દતોપંત ઠેગડી પુસ્તકાલય, શ્રોફ રોડ (૩) બાબુભાઈ વૈધ લાઈબ્રેરી, પેરેડાઈઝ હોલ સામેથી વિતરણ કરવામાં આવશે, જેનો સભ્યોએ લાભ લેવા વિનંતી છે.

## જ્ઞાતિ, સમાજની વાડીના સીલ નહી ખોલાય તો અનેક પરિવારોના લગ્ન પ્રસંગો અટકી પડશે

### મ્યુ.તંત્રના જકકી વલણના કારણે કોઇના પ્રસંગો બગડવા ન જોઇએ: રાજુ જુંજા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૧૮

ટીઆરપી ગેમજોન અગ્નીકાંડની દુઃખદ દુર્ઘટના બાદ રાજકોટ શહેરની તમામ જ્ઞાતી સમાજની વાડીઓ તેમજ હોલને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સીલ મારી દેવામાં આવતા અનેક પરિવારોના લગ્ન પ્રસંગો અટકી પડતા પરિવારોમાં દોડધામ વધી ગઇ છે ત્યારે સામાજીક અગ્રણી



અને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના ડીરેકટર રાજુ જુંજાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે મ્યુ. કોર્પોરેશને જે તે જ્ઞાતી સમાજની વાડીને સીલ માર્યા છે તેના પ્રમુખનું સોગંદનામું લઇ તાત્કાલીક સીલ ખોલી નાખવા જોઇએ, મ્યુ. તંત્રના જકકી વલણના કારણે કોઇના પ્રસંગો બગડવા ન જોઇએ. મ્યુ. તંત્રની ભુલનો ભોગ કોઇપણ સમાજ ન બનવો જોઇએ. જો સીલ ન ખોલવામાં આવે તો મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના હોલ જે તે સમાજને લગ્ન પ્રસંગ માટે વિના મુલ્યે આપવા જોઇએ. એવી માંગણી રાજુ જુંજાએ કરી છે.

વધુમાં જણાવ્યું છે કે શાળા કોલેજોના સીલ પદાધીકારીઓની ભલામણથી રાતો-રાત ખુલી જતા હોય તો જ્ઞાતી સમાજની વાડીના સીલ કેમ ન ખુલે ? મ્યુનિસિપલ કમિશનર દરેક સમાજના હીતમા વહેલી તકે નિર્ણય લઇ ઉપરોકત બાબતે ઘટતુ કરે તેવી માંગણી છે.

## પતિના આપઘાત બાદ પત્નીએ ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

રાજકોટ,તા.૧૮

જામકંડોરણામાં મહીલાએ આર્થીક ભીંસથી કંટાળી ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું હતું.મૃતકના પતિએ બે મહિના પહેલાં જ આર્થિક ભીંસથી કંટાળી આપઘાત કરી લીધો હતો.માતા પિતાના મોતથી સંતાનો નોંધારા બન્યા છે. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઇ ગઇ છે.

બનાવની વિગત મુજબ જામકંડોરણામાં રહેતાં સોનલબેન દીનેશભાઈ ચારોલા (ઉ.વ.૪૫) નામની પરિણિતાએ ગત તા.૧૩/૬/૨૦૨૪ ના રોજ બપોરનાં સાડા ત્રણેક વાગ્યાની આસપાસ પોતાનાં ઘરે ઝેરી ટીકડા ખાઈ લીધા હતા. બાદ તેણીને જામકંડોરણા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બાદ વધુ સારવાર માટે જુનાગઢ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી. જ્યાં સારવાર દમ તોડી દિધો હતો.

આ અંગે તેના પરિવારજનોએ જણાવ્યું હતું કે સોનલબેનના પતિ દીનેશભાઈએ બે મહિના પહેલાં આર્થિક ભીંસથી કંટાળી આપઘાત કરી લીધો હતો. પરિવારના મોભીના મોતથી ગમગીની છવાઈ ગઈ હતી. પિતાના મોત બાદ પરિવારની જવાબદારી માતા પર આવી ગઈ હતી.તેણીને સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે.

સોનાલબેને હજુ ૨૦ દિવસ પહેલાં જ તેમની બંને દિકરીઓના લગ્ન કરાવ્યાં હતાં. તેણી ગત ૧૩ જૂને બપોરે લાકડા લઈ ઘરે પરત આવી ત્યારે ઝેરી ટીકડા ખાઈ લીધા હતા. આર્થીક ભીંસથી કંટાળી આ પગલું ભરી લીધાનું મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે જામકંડોરણા પોલીસને જાણ કરી હતી.

## દૂધ ચોરી : ૧૦ હજાર લીટરના ટેન્કરમાંથી ૫૦૦ લીટર દૂધ કાઢી પાણી ઉમેરી દેવાતું

### રાજકોટ રૂરલ એલસીબીએ દરોડો પાડ્યો’તો : ૨૪.૪૩ લાખના મુદ્દામાલ સાથે ૬ શખ્સની ધરપકડ




રાજકોટ,તા.૧૮

જેતપુર નજીક સોરઠ હોટલ પાસે ચાલતા દૂધ ચોરીના કૌભાંડનો રાજકોટ રૂરલ ક્રાઈમ બ્રાંચે પર્દાફાશ કર્યો છે. ૬ આરોપી પકડાયા છે. આરોપીઓ ૧૦ હજાર લીટરના ટેન્કરમાંથી ૫૦૦ લીટર દૂધ કાઢી, ૫૦૦ લીટર પાણી ઉમેરી દેતા હતા. દરરોજ સુરેન્દ્રનગરથી જૂનાગઢ ડેરીમાં દૂધની સપ્લાય થતી હતી. પોલીસે ૨૪.૪૩ લાખના મુદ્દામાલ સાથે ૬ શખ્સની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.એલસીબીના સૂત્રોએ જણાવ્યું કે, રાજકોટ જિલ્લા નાયબ પોલીસ મહાનીરીક્ષક જયપાલસિંહ રાઠોડએ આપેલ સુચના મુજબ એલ.સી.બી. પીઆઈ વી.વી. ઓડેદરા માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમ્યાન પીએસઆઇ ડી.જી. બડવા, હેડ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ સુવા, રાજુભાઈ સાંબડા, નિલેશભાઈ ડાંગર, હરેશભાઈ પરમારને સંયુક્ત બાતમી હકિકત આધારે જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જેતપુર જુનાગઢ નેશનલ હાઈવે ઉપર આવેલ સોરઠ હોટલના કમ્પાઉન્ડમાં પાછળના ભાગે માહી ડેરીના દુધના ટેન્કરમાંથી દુધની ચોરી કરી દુધમાં ભેળસેળ કરતા છ શખ્સને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ અંગે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓને સ્થળ પર બોલાવી યોગ્ય પરીક્ષણ કરી ગુન્હો નોંધવામાં આવ્યો હતો.પકડાયેલ આરોપીઓમાં (૧) હીરા ગોવિંદ કલોતરા, રહે.જુનાગઢ મધુરમ વિસ્તાર, (૨) જસા ગોવિંદ કલોતરા, રહે. જુનાગઢ જોષીપુરા વિસ્તાર, (૩) અર્જુન રમેશ ભારાઇ, રહે. જુનાગઢ મધુરમ વિસ્તાર, (૪) બલીરામ લાલબહાદુર વિશ્વકર્મા, રહે.સીસવાન તા.પીન્ડરા,જી. વારાણસી, (૫) રાજુ ગુલાબ યાદવ, રહે. સીસવાન તા.પીન્ડરા, જી. વારાણસી, ઉત્તર પ્રદેશ, (૬) ભીખુ ઘેલા રામાણી, રહે.પીઠડીયા ટોલ નાકા તા.જેતપુરનો સમાવેશ થાય છે, જ્યારે બાલુ ઉર્ફે ઘેલીયો પરબતભાઇ કોડીયાતર (રહે.જુનાગઢ ગાંધીગ્રામ) ફરાર થઇ જતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.પોલીસે એક ટેન્કરમાંથી ૧૧,૯૨૫ લીટર દૂધ અને બીજા ટેન્કરમાંથી ૧૬,૮૨૦ લીટર દૂધ, બોલેરો પીકપમાંથી ૫૦૦ લીટર દુધ મળેલ. ૭ મોબાઈલ ફોન, ૪ પ્લાસ્ટિકના ટાંકા, ૪ ઇલેક્ટ્રીક મોટર મળી કુલ રૂ.૨૪,૪૩,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ કામગીરીમાં પીઆઈ વી.વી.ઓડેદરા, પીએસઆઈ ડી.જી.બડવા, પીએસઆઇ એચ.સી.ગોહીલ, એ.એસ.આઇ. બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અનીલભાઈ બળકોદીયા, હેડ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ સુવા, નિલેશભાઈ ડાંગર, રાજુભાઈ સાંબડા, હરેશભાઈ પરમાર, અરવિંદસિંહ જાડેજા, શક્તિસિંહ જાડેજા, કોન્સ્ટેબલ કૌશીકભાઈ જોશી, અબ્દુલભાઈ શેખ વગેરે ફરજ પર રહ્યા હતા.

## આજે ભીમ અગીયારસ નિર્જળા એકાદશી

એક દિવસે ભગવાન શ્રી નારાયણને ભીમે કહ્યું કે પ્રભુ મારા ભાઈઓ માતા વગેરે સૌ કોઈ એકાદશીનું વ્રત કરે છે અને તે દિવસે મને પણ ખાવાનું આપતા નથી જેથી પ્રભુ, દાન, પુણ્ય, કરવાથી મને પુણ્ય મળે કે ન મળે ભીમનો આ સવાલ સાંભળી વ્યાસજીએ કહ્યું છે કે ભીમસેન તને વૈકુંઠની ઈચ્છા હોય તો તું જેઠ માસની શુદ એકાદશીનું વ્રત કરવું ન થાય તો માત્ર જેઠ શુદની નિર્જળા એકાદશીનું વ્રત કર તે દિવસે સ્નાન કરતા-કરતા જેટલું પાણી મોઢામાં જાય તે પાણી ઉપર જ આખો દિવસ પ્રસાર કરવો વળી બારસને દિવસે સ્નાન કરી જળ તેમજ સુવર્ણ (સોનાનું દાન બ્રાહ્મણને આપવું, પછી જ ભોજન કરવું કે ભીમસેન તેમ કરવાથી જે પુણ્ય થાય છે તે સાંભળ શંખ ચક્ર અને ગદા ધારણ કરનાર શ્રી કૃષ્ણ ભગવાનને ચરણેજા એક વર્ષમાં જેટલી કૃષ્ણ અને શુકલ એકાદશી આવે છે. તેટલી એકાદશીઆને દિવસે ઉપવાસ કરવાથી જે ફળ મળે છે. (પ્રાપ્ત) થાય છે તે ફળ આ નિર્જળા એકાદશીનું નિર્જળ ઉપોષણ કરવાથી મળે છે. તેને ભય નરક યમદૂતા સ્પર્શ કરી શકતા નથી તેને વિષ્ણુ ભગવાનના દૂતો તેમને વિષ્ણુ પુરીમાં લઈ જાય છે. વૈશયમ પાયાના ઋષી જનમેજયના કહે છે કે વ્યાસજીના વચન સાંભળી ભીમસેને નિર્જળા એકાદશી કે ભીમ અગીયારસ પણ કહેવામાં આવે છે. બારે માસની એકાદશીઓમાં આ ભીમ અગીયારસનું વ્રત સર્વો કરતા અતી ઉતમ છે. આ એકાદશી નિર્જળા ભીમ અગીયારસ કરી સર્વ એકાદશી કર્યા સમાન છે તેથી ભીમ અગીયારસ નિર્જળા અગીયારસ દરેક ભકતોએ અવશ્ય કરવું શ્રી કૃષ્ણ ભગવાનને કોટી-કોટી પ્રણામ.



**“જયશ્રી કૃષ્ણ”**
**સુખદેવ મહારાજ**
**સ્વામિનારાયણ મંદિરના પુજારી**
**ગામઃ કાળીપાટ**

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો

ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

## અનુસંધાન પહેલા પાનાનું ચાલુ

## યુપીમાં ગરમીથી ૨૪ કલાકમાં ૧૭૦ના મોત

ફરીદકોટમાં ૪૬ ડિગ્રી અને પઠાણકોટમાં ૪૫.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું. હરિયાણામાં ફરીદાબાદ અને સિરસામાં ગરમીની સૌથી વધુ અસર જોવા મળી હતી. ફરીદાબાદમાં પારો વધીને ૪૬.૬ ડિગ્રી અને સિરસામાં ૪૬.૨ ડિગ્રીએ પહોંચ્યો હતો. ગુરુગ્રામમાં મહત્તમ તાપમાન ૪૫.૧ ડિગ્રી હતું.

યુપીનું પ્રયાગરાજ સોમવારે સતત ત્રીજા દિવસે ૪૭.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે સૌથી ગરમ રહ્યું હતું. હવામાન વિભાગ (ઈંખઉ) અનુસાર, યુપી, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, બિહાર, ઝારખંડ, પૂર્વ મધ્ય પ્રદેશ, ઉત્તર રાજસ્થાન અને પશ્ચિમ બંગાળ. બંગાળના ગંગા કાંઠાના વિસ્તારોમાં અત્યંત ગરમી છે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના જમ્મુ વિભાગના મેદાની અને નીચાણવાળા વિસ્તારો પણ તકલીફમાં છે. છેલ્લા ૨૪ કલાકમાં આ રાજ્યોમાં ૪૪ થી ૪૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. કાળઝાળ ગરમીને કારણે દિવસ દરમિયાન ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે, જ્યારે યુપી, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને પૂર્વ મધ્ય પ્રદેશમાં રાત્રે પણ ગરમી જેવી સ્થિતિ જોવા મળી રહી છે. ઓડિશા, ઝારખંડ અને બંગાળમાં ગંગાના કાંઠાના વિસ્તારોમાં ગરમીની સાથે સાથે ભેજ પણ યથાવત છે. આંધ્રપ્રદેશના ઉત્તરીય તટીય વિસ્તારોમાં પણ તીવ્ર ગરમી પડી રહી છે.

## અમદાવાદ એરપોર્ટ પર CBI ની વોચ

રવિ પ્રકાશ ચૌધરી અને ગૌરીશંકર મીણા તથા બે ઈન્સ્પેકટરોની હકાલપટ્ટી કરી દેવામાં આવી.

તેમના સ્થાને નવા અધિકારીઓને ચાર્જ સોંપી દેવામાં આવ્યો છે. વધતી જતી દાણચોરીને લઈને કસ્ટમ્સની ટીમમાં વધારો કરવામાં આવ્યો છે. એર ઈન્ટેલીજન્સ યુનિટમાં પણ ચુનંદા અધિકારીની એન્ટ્રી કરાવવામાં આવી છે.

એરપોર્ટ પર કસ્ટમ્સ ઈન્ટેલીજન્સ અને ઈન્કમટેકસ ઈન્ટેલિજન્સની ટીમો પણ એલર્ટ બની ગઈ છે. ડીઆરઆઈ અને ઈડી ઉપરાંત હવે સીબીઆઈ પણ વોચ રાખશે.

## અવસાન નોંધ

રાજકોટઃ શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ચિભડીયા બ્રહ્મસમાજનાં મુળ ગામ બંધિયા હાલ રાજકોટ નિવાસી ગં.સ્વ. હર્ષાબેન વિનોદરાય રાવલ (ઉ.વ.૬૮), તે સ્વ. વિનોદરાય મણિશંકર રાવલનાં ધર્મપત્ની, તે સ્વ.ગિરજાશંકરભાઈ, ઉમિયાશંકરભાઈ, સ્વ.શાંતિલાલભાઈનાં નાનાભાઈનાં પત્ની, તે પ્રશાંતભાઈ, કિલ્લોલભાઈનાં માતા, તે પ્રિત, ક્રિશા, દર્શ, ઋત્વીનાં દાદીમાં, તે સ્વ.વૃજલાલ મણિશંકર વોરા (રાજકોટ)નાં દીકરી, તે જીતેશભાઈ, કિર્તીબેન પુનિતભાઈ જાની (રાજકોટ)નાં બહેનનું તા.૧૬/૬ રવિવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું નિવાસ સ્થાન નિલકંઠ મહાદેવ મંદિર, આસ્થા ટાઉનશિપ, એસઆરપી ઘંટેશ્વર કેમ્પની બાજુમાં, રાજકોટ ખાતે તા.૨૧/૬ શુક્રવારે સાંજે ૪:૩૦ થી ૬ રાખેલ છે.

**Rajkot Municipal Corporation**
**e-Tender Notice**

Rajkot Municipal Corporation, ENGINEERING DEPARTMENT, EAST ZONE, Shri Zaverchand Meghani Bhavan, Bhavnagar Road, Rajkot - 360003 invites e-Tenders on percentage rate basis with two bid system from experienced contractors registered in appropriate class with GWSSB OR State / Central Government for the work detailed below:

| | |
|---|---|
| 1 | DEVELOPMENT AND BEAUTIFICATION OF LALPARI AND RANDARDA LAKE (2nd Attempt). (ECV Rs.17,35,08,142/-) |

The last date for downloading and submission of online e-Tenders at www.rmc.nprocure.com is 10/07/2024. For more details please visit http://www.rmc.gov.in/rmcwebsite/tender.aspx.

**City Engineer**
**Rajkot Municipal Corporation**

# રાજકોટ જીલ્લા શિક્ષણ અધિકારી રાજીનામુ આપેઃ કોંગ્રેસની માંગ

## જાહેરરજાઓમા શાળા સંચાલકો ડી.ઈ.ઓ.ને ગાઠતા ના હોવાના મામલે આજે ફરી હલ્લાબોલ



તસવીરઃ દિલીપ ગોહેલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૧૮

ગઈકાલે જાહેર રજામા અનેક ખાનગી શાળાઓ શરૂ હતી ત્યારે વાલીઓએ અને વિદ્યાર્થીઓએ અનેક ફોન જિલ્લા શિક્ષણ અધિકારીને કર્યા છતાં એક ફોન કોઈનો ઉપાડ્યો ના હતો બીજી તરફ ગઈકાલે વિદ્યાર્થીઓની ફરિયાદના આધારે રજૂઆત કરવા પહોચેલા કોંગ્રેસના યુવા કાર્યકરોને સંચાલકે ચોખ્ખુ કહ્યું હતું કે જિલ્લા શિક્ષણ અધિકારીને ફરિયાદ કરવી હોય તો કરી દેજો..! ગઈકાલે સ્કૂલમા કોંગ્રેસે હલ્લાબોલ કર્યા બાદ જીલ્લા શિક્ષણ અધિકારીએ તમામ શાળાઓ બંધ કરવાના આદેશ આપ્યા હતા પરંતુ વાસ્તવમા તમામ શાળાઓ બપોર પછીની પારીમા ચાલુ જ હતી ! જેનો સીધો મતલબ થયો કે જિલ્લા શિક્ષણ અધિકારીને સ્કૂલ સંચાલકો ૧% પણ ગાંઠતા નથી. રાજ્યસરકારના નિયમોનો ઉલાળિયો કરનાર સામે કડકાઈ દર્શાવવાના બદલે જવાબદાર અધિકારી નોટિસ આપવામાં પણ ડરતો હોય તો તેઓએ આ પદ પરથી રાજીનામુ આપી દેવુ જોઈએ તેવા વિદ્યાર્થીનેતાઓએ પ્રહારો કર્યા હતા.

વધુમાં જણાવ્યું હતું કે જિલ્લાની શૈક્ષણિક બાબતોમા રાજ્ય સરકારના પ્રતિનિધિ તરીકે જેમની જવાબદારી હોય તે જ વહેચાય જાય તો શિક્ષણની સ્થિતિ શુ ઉદ્દભવે ? બસ આવી જ પરિસ્થિતિ કઈક રાજકોટમાં હાલના સમયે ઉદ્ભવી છે કારણ કે જ્યારે જ્યારે સ્કુલોની ખોટી રીતે દાદાગીરી સામે આવે છે ત્યારે ડી.ઈ.ઓ. જાણે સેલ્ફ ફાયનાન્સ સ્કૂલ એસોશિયનના મહામંત્રી પદ પર હોય તેવુ અરજદારો સાથે વલણ દાખવે છે તે શરમજનક છે. થોડા સમય પહેલા ખાનગી સ્કુલોમાં પ્લાસ્ટિકના ગેરકાયદેસર ડોમ અંગેની પુરાવા સહિત અમો રજૂઆત કરવા ગયેલ ત્યારે વિદ્યાર્થીઓની સુરક્ષા બાબતે ગંભીરતા દાખવવાના બદલે બીજા વિભાગો ઉપર ખો આપી ડી.ઈ.ઓ.જવાબદારીમાથી છટકી ગયા હતા અને જણાવ્યુ કે હુ જો આ અંગે કાર્યવાહી કરુ તો કાલ સવારે સરકારમાથી ઈન્કવાઈરી ઉભી થશે તો ! કહેવાનો મતલબ કે જો આવો જ ડર લાગતો હોય તો જવાબદારીઓમાંથી સ્વેચ્છિક રાજીનામુ આપી દેવુ જોઈએ અન્યથા જો ઊંચો સરકારી પગાર લેવો જ હોય તો નીડરતાથી સત્યની સાથે ચાલી કડકાઈથી કામગીરી કરવી પડશે. એક તરફ સ્કૂલ સંચાલકો સામે ડર પણ લાગતો હોય અને બીજી તરફ પ્રજાના ટેક્સના પૈસે એ.સી. ચેમ્બરમા બેસવુ હોય તો એવુ રાજકોટની જનતા અને કોંગ્રેસ જરા પણ શાંખી લ્યે.

રાજકોટમાં જ્યારથી આ નવા શિક્ષણ અધિકારી આવ્યા બાદ એક પણ ખાનગી શાળા પર કોઇ દંડાત્મક કાર્યવાહી કરી હોય તેવુ એક દાખલો આપે ! વેકેશનના રજાના દિવસોમાં મોટાભાગની શાળાઓ શરૂ હતી ત્યારે વિદ્યાર્થીઓના વાલીઓ ફરિયાદો કરી કરીને થાકી ગયા પણ એક સ્કૂલે ડી.ઈ.ઓ.ને ગાંઠ્યા ના હતા અને હવે તમામ સરકારી જાહેરરજાઓમાં ખાનગી શાળાઓ શરૂ હોય છે. હાલના જિલ્લા શિક્ષણ અધિકારીની કાર્યશૈલી મારા મોઢે મારા અને તમારા મોઢે તમારાજેવી છે પણ રાજકોટની જનતા આવી ચતુરાઈ કદાપિ નહી ચલાવી લ્યે. જે અધિકારીને સામાન્ય બાબતો કાર્યવાહી ના કરતા હોય તે ગંભીર બાબતોમા કાર્યવાહી શુ કરવાના ! આવા બેદરકાર અધિકારીઓને લીધે જ ટીઆરપી ગેમઝોન જેવા અગ્નિકાંડમાં ૩૦ લોકોનો જીવ હોમાયો છે. ડી.ઈ.ઓ.ની નિષ્ક્રિય અને શંકાસ્પદ કાર્યશૈલીની શિક્ષણમંત્રીને પણ રજૂઆત કરવામાં આવશે. વધુમાં કોંગ્રેસના યુવા કાર્યકરો અને આગેવાનોએ જણાવ્યુ હતુ કે ગઈકાલની જાહેરરજામાં રાજકોટની જેટલી જેટલી શાળાઓ શરૂ હતી તેઓ વિરુદ્ધ દંડનાત્મક કડક કાર્યવાહી કરવામાં અન્યથા અમોએ આપેલ ઢાંકણીમ ભરેલ પાણીમા ડૂબી જાઓ ! બંગડીયુ પહેરી લો..! વધુમાં કાર્યકરોએ માંગ કરી હતી કે જાહેરજાઓમાં શૈક્ષણિક કાર્ય શરૂ ના રાખવા અંગેનો સ્પષ્ટતાપૂર્વક પરિપત્ર જાહેર કરો જેમા દંડની જોગવાઈથી માંડી માન્યતા રદ સુધીનાં પગલાઓનો ઉલ્લેખ કરતો પરિપત્ર જાહેર કરવા માંગણી કરી હતી અન્યથા રાજીનામુ આપવા માંગ કરી હતી.

## કોંગ્રેસે જીલ્લા શિક્ષણ અધિકારીને ઢાંકણીમા પાણી ભરીને આપ્યુ : પોલીસે ૯ ની અટકાયત કરી



આજે કોંગ્રેસના વિદ્યાર્થીનેતા પ્રવક્તા રોહિતસિંહ રાજપુત, કોંગ્રેસ અગ્રણી રણજીત મુંધવા, ઓબીસી સેલ પ્રમુખ હાર્દિકસિંહ રાજપૂત, યુવા આગેવાન જીત સોની,યશ ભીંડોરા, રોનક રવૈયા, રાજ પટેલ, પારસ પટેલ, ડેનિસ રામાણિ, દીક્ષિત પટેલ, વિશાલ નાડોલા સહિતની પોલિસે અટકાયત કરી હતી.

# સતાધાર યુવા ગ્રુપ દ્વારા સ્ટેશનરી કીટનું વિતરણ





રાજકોટઃ સતાધાર યુવા ગ્રુપ રાજકોટ દ્વારા મહાનગરપાલિકાની સરકારી શાળાઓ વિશ્વામિત્રી પ્રાથમિક શાળા નં. ૫૨ અને સર્વપલ્લી રાધાકૃષ્ણન પ્રાથમિક શાળા નં. ૬૩ માં અભ્યાસ કરતા ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. દાતાઓના આર્થિક સહયોગ તથા શિક્ષકગણોના માર્ગદર્શન હેઠળ કીટ વિતરણનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે સતાધાર યુવા ગ્રુપના પ્રમુખ વિશાલભાઈ ચોટલીયા, ઉપપ્રમુખ શુભમભાઈ લાડવા, જયદીપભાઈ જાદવ, બ્રિજેશભાઈ ફિચડીયા, જયભાઈ મારૂ તથા શાળાના આચાર્ય તથા શિક્ષકમિત્રો હાજર રહ્યા હતા.





રાજકોટઃ વહીવટીતંત્ર દ્વારા **FIRE NOC** તથા **BU Permission** ની કાર્યવાહી દરમ્યાન હોટેલ-રેસ્ટોરન્ટો તેમજ પાર્ટીપ્લોટ-કાફે વિગેરે જગ્યાએ જે સીલ મારવામાં આવેલ છે તે તાત્કાલીક ખોલી અને ધંધો શરૂ કરવાની પરવાનગી આપવા આવેદનપત્ર પાઠવામાં આવ્યું હતું.

# Priorities

પ્રાયોરીટી આનું એકચ્યુલી ભાષાંતર કરવા બેસીએ તો આપણી કોઈપણ વાત/વસ્તુ/વ્યક્તિને આપણે આપણી જરૂરિયાત કે ઈચ્છા મુજબ જે ક્રમાંક આપીએ તે.

કોઈનાં પ્રાયોરીટી લીસ્ટમાં આગળનાં ક્રમાંકે સ્થાન પામવું, પાછળનાં ક્રમાંકે સ્થાન પામવું કે પછી આગળ સ્થાન પામ્યા પછી પાછળ ધકેલાઈ જવું, આવી અનેક ઘટનાઓ આપણી રોજબરોજની જીંદગીમાં વાત અને વસ્તુ માટે બનતી હોય છે પરંતુ આવી કોઈ ખાસ ઘટના એ જ્યારે કોઈ વ્યક્તિ સાથે અથવા વ્યક્તિ માટે બને ત્યારે તે આપણું જીવન બદલી નાખતી હોય છે.

જન્મતાં વેંત આપણે આપણાં માતાપિતાનાં પ્રાયોરીટી લીસ્ટમાં આગવું સ્થાન ધરાવતાં હોઈએ, ફક્ત માતાપિતા જ કેમ? દાદા -દાદી, નાના- નાની, ભાઈ બહેન, લગભગ દરેક સંબંધમાં આપણે આગવાં રહેતા હોઈએ છીએ (ક્યાંક કોઈ કારણસર જો આપણો ક્રમાંક આપણને પાછળ છે એવું ફીલ થાય તો ઈર્ષ્યાનાં માર્યા અડધા થઇ જતાં હોઈએ છીએ.

ઘણીવાર બાળકનાં જન્મ પછી માતા બાળકને વધું પ્રાયોરીટી આપે અને પતિને ઓછું એવું જોવા મળે છે અને આને કારણે લગ્નજીવન ડામાડોળ થાય એવું પણ બને છે.



**મમતા પટેલ**

ઘર બહાર આપણે મિત્રો બનાવીએ અને ત્યાં પણ આપણે આપણું આગવું સ્થાન બનાવી રાખવા કંઈ પણ છુટીએ પરંતુ આ થોડું અટપટું હોય છે, આપણે જેને આગળ સ્થાન આપીને મહત્વની વ્યક્તિ માનીએ જરૂરી નથી કે એ પણ સામે એટલું જ મહત્વ આપે અથવા ઉલટું, સામી વ્યક્તિ જેટલો માન મરતબો કે મહત્વ આપણને આપે એટલું આપણે ના આપતાં હોઈએ, ના આપવા ઈચ્છતા હોઈએ અથવા ના આપી શકતાં હોઈએ ત્યારે **imbalance** થાય અને આ અરસપરસ બેલેન્સ ના જળવાય તો કોઈ એક જરૂર દુઃખી થાય. ઘણીવાર મિત્રતામાં સામે કોઈ જેટલું માન આપે છે, હ્રદયમાં સ્થાન આપે છે એટલું આપણે નહીં જ આપી શકીએ એવું લાગે ત્યારે એ સંબંધથી દૂર થવામાં મજા હોય છે જેથી આગળ ઉપર પેલી વ્યક્તિને છેતરાવા જેવું ના લાગે, એની લાગણીને ઠેસ ના પહોંચે.

દસ કદમ ચાલીને એ અટકે એનાં કરતાં બે કદમ પર જ અટકી જવામાં બન્ને પક્ષે હિત હોય છે, ના પેલી વ્યક્તિને છેતરાયાનો રંજ, ના બીજી વ્યક્તિને છેતર્યાનો રંજ. આવો નિર્ણય બહું લાચાર અવસ્થામાં બહું મજબૂતાઈથી લેવો પડે, છૂટકો જ ના હોય એવું બને.

મને ખબર છે ઉપર જે લખ્યું કે સમજવું થોડું મુશ્કેલ છે, ફરી વાંચી જાવ, સમજાશે.

ઘણીવાર આપણને સામેવાળાની વાતો પરથી એવું લાગે કે ઓહો આ તો આપણને બહુ જ ચાહે છે પણ હકિકતમાં એવું હોતું નથી અને પછી એ પ્રાયોરીટી લીસ્ટ **revise** કરવું પડે, જેને એક બે ત્રણમાં રાખ્યા હોય એને પાછળ ધકેલતા જીવ ના ચાલે તો પણ ધકેલી દેવામાં જ ભલાઈ.

આ તો થઈ વાત ક્રમ આપવાની પણ ક્યારેક કોઈ બહુ ગમતી વ્યક્તિ કદાચ કોઈ એવું આચરણ કરી બેસે, આપણને મોહભંગ થાય અને એ વ્યક્તિ જાતે જ પાછળના ક્રમાંકે ધકેલાઈ જાય એવું પણ બને.

મિત્રો કે પ્રેમસંબંધોમાં આવી ઘટના બને એવું ઘણીવાર જોયું - જાણ્યું છે પરંતુ પતિ પત્નીનાં સંબંધોમાં કે પછી બાળક સાથે માતાપિતાના સંબંધોમાં આવું બને ત્યારે એ વધું દુઃખદાયી બને છે.

ના, મારુ કહેવું એ નથી કે મૈત્રી કે પ્રેમ સંબંધની કિંમત ઘરેલું સંબંધો કરતાં ક્યાંક ઓછી હોય છે પણ ત્યાં જો આવું બને તો રોજ સામસામે થવાનું હોતું નથી એટલે એ સરખામણીમાં થોડું સહ્ય બને જ્યારે ઘરેલું સંબંધોમાં આવી ઘટનાનાં આઘાત - પ્રત્યાઘાત વધું પડે અને લાંબા સમય સુધી એની અસર પણ વર્તાય.

પતિ પત્ની વચ્ચે ક્યારેક ગેરસમજને લઈને, ક્યારેક સામસામે **in laws** ને લઈને, ક્યારેક પોતપોતાના કરિયરને લઈને, ક્યારેક બાળકોને લઈને, ઘરખર્ચ અથવા ઘરકામને લઈને, દામ્પત્ય જીવનની ઈચ્છા, વ્યાખ્યા અને ઉદાસિનતાને લઈને પણ અરસપરસ પ્રાયોરીટી આપવાનું ઓછું કે સાવ બંધ થાય ત્યારે એ સંબંધ અસહ્ય બની જાય છે. એક કમરામાં ઘુંટાતું મૌન કે દિવાલો પર અથડાતી પછડાતી એકલતા જીવનને એ હદે બેરંગી કરી નાખે કે વ્યક્તિ પોતાનો આત્મવિશ્વાસ ગુમાવી બેસે.

આવું જ કંઈક બાળકો મોટાં થઈને માતાપિતા સાથે કરતાં હોય છે. આજની યુવાપેઢી **materialistic** છે, એમને વ્યક્તિઓ કરતાં વધુ મોહ વસ્તુઓનો હોય છે. જે બાળકો પર વર્ષો એક સરખો પ્રેમ વરસાવ્યો હોય એ જ બાળકો પ્રેમ પાછો વાળવાની સ્થિતીમાં આવે કે સ્વાર્થી બનીને દૂર થઈ જાય ત્યારે માતાપિતા પણ છેતરાયાની લાગણી અનુભવતા હોય છે. આ તબક્કે બસ એટલું યાદ રાખવું કે બાળકો એ ઈન્વેસ્ટમેન્ટ નથી કે પરત વ્યાજ મળે, પ્રેમનો બદલો આદરથી મળે તો ઉત્તમ પણ ના મળે તો ઈશ્વર ઈચ્છા સમજી સ્થિતિને પણ વધાવી લેવામાં જ મજા છે.

હા,, તકલીફ થશે જેને પ્રાયોરીટી લીસ્ટમાં પ્રથમ ક્રમાંકે જ હંમેશા રાખ્યા હોય એમનો પ્રથમ ક્રમાંક જળવાઈ રહે તે માટે કોઈને આગળ જ ના આવવા દીધાં હોય એનાં પ્રાયોરીટી લીસ્ટમાં આપણું સ્થાન પાછળ જોતાં અને પછી આપણાં પ્રાયોરીટી લીસ્ટમાં એમને પાછળ ધકેલતા પણ બીજો કોઈ ઉપાય જ નથી એમ માનીને દીલને મનાવી લેવું પડે.

આ બધામાં આપણે આપણી જાતને આપણાં પ્રાયોરીટી લીસ્ટમાં પ્રથમ ક્રમાંકે રાખવાનું ભૂલી જ જતાં હોઈએ છીએ પણ એ સૌથી જરુરી છે. આજનાં સમયમાં જે વ્યક્તિ પોતાને મહત્વ આપતી નથી એને કોઈ મહત્વ આપતું નથી અને આખરે સંબંધો પાછળ ઘસાઈને આપણે થાકી / હારી જઈએ છીએ, આવું થાય ત્યારે ડિપ્રેશન આવે અને જીવન પ્રત્યે નકારાત્મકતા ફીલ થાય એ સ્વભાવિક છે માટે આવું ના થાય એ માટે પોતાની જાત પ્રત્યે પણ સતત સજાગ રહેવું એ સમયની માંગ છે. આપણી તબિયત, આપણો મૂડ આપણાં શોખ, આપણી જરૂરિયાત આ દરેકને સરખું મહત્વ આપી આપણી જાતને સતત સાચવી લેવી એ આપણી સૌપ્રથમ ફરજ છે.

સૌને પ્રેમ કરો પણ એ માટે સૌપ્રથમ પોતાને પ્રેમ કરવો પણ એટલો જ જરૂરી છે.

આત્મમંથન કરતાં રહેવું.

# મોટી પાનેલીમાં ચુવાળિયા કોળી સમાજ કર્મચારી મંડળ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાયો



**(અતુલ ચગ દ્વારા)**
મોટી પાનેલી,તા.૧૮

ઉપલેટા તાલુકાના મોટી પાનેલીમાં સૌ પ્રથમવાર ચુવાળિયા કોળી સમાજ કર્મચારી મંડળ દ્વારા શિક્ષણ ક્ષેત્રે સુંદર આયોજન અત્રેના કોળી સમાજમાં કરવામાં આવેલ જેમાં હજારોની સંખ્યામાં સમાજના ભાઈઓ બહેનો વડીલો બાળકો ઉપસ્થિત રહી આ પ્રથમવાર યોજાયેલ શૈક્ષણિક કાર્યના મૂક પ્રેક્ષક બનેલ મોટી પાનેલીમાં ચુવાળિયા કોળી સમાજ કર્મચારી મંડળ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનાં દ્રઢ આશયથી સૌ પ્રથમવાર જ વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ.

શ્રી સરસ્વતી સન્માન સમારોહમાં ધોરણ એક થી બાર સુધીના ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરનાર તમામ વિદ્યાર્થીઓ સાથે ધોરણ બાર પછીની ઉચ્ચ ડિગ્રીમાં અભ્યાસ કરનાર તમામ ઉતીર્ણ છાત્રોને કર્મચારી મંડળ દ્વારા સુંદર શિલ્ડ સાથે સર્ટિફિકેટ અને શૈક્ષણિક કીટથી પુરસ્કિત કરી દરેક વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવેલ કુલ એકસો પંદર જેટલાં વિદ્યાર્થીઓનું સન્માન તેની પ્રતિભા અનુસાર કરીને પ્રેરણાદાયી કાર્ય ચુવાળિયા કોળી સમાજ કર્મચારી મંડળ દ્વારા કરવામાં આવેલ છે જે સરાહનીય અને સમજના અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે આ સુંદર આયોજન માં અતિથિ વિશેષ તરીકે સુરેન્દ્રનગર જૂનાગઢ સતાપરથી ડો.પ્રકાશભાઈ કોરડીયા જયદીપભાઈ પરમાર તેમજ હિરલબેન મકવાણા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સન્માનિત કરી સમાજને શિક્ષણ પ્રત્યે જાગૃત બનવા અને કુટેવો તરફના વળવાની વાત કરી કર્મચારી મંડળના હોદેદારોના આ સરાહનીય કાર્યને બિરદાવી અભિનંદન પાઠવેલ. સમારોહના અંતે તમામ ચુવાળિયા કોળી સમાજે સાથે અલ્પાહાર લઈને કાર્યકર્તાઓને આ શૈક્ષણિક કાર્ય બદલ ધન્યવાદ આપેલ.

# મોદી સ્કૂલમાં યોજાયો રકતદાન કેમ્પ




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૧૮

શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિશેષ સહયોગથી મોદી સ્કુલ્સની ત્રણ શાખામાં રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓને વિનામુલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી ૩૨ માં મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમા ૨૮૮ રકત બોટલ્સ અર્પણ કરવામાં આવી છે. અત્યાર સુધી થયેલા ૩૨ બ્લડ ડોનેશન કેમ્પમાં ટોટલ ૫૨૪૯ બ્લડ બોટલ્સ રાજકોટ સિવિલ હોસ્પિટલને અર્પણ કરવામાં આવી છે. અત્યાર સુધી મોદી સ્કૂલમાં દર વર્ષ ત્રણ વખત રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવતુ પરંતુ સિવિલ હોસ્પિટલમાં રહેતી રકતની અછત જોઈને મોદી સ્કૂલના ચેરમેન ડો.રશ્મીકાંત મોદીએ હવેથી વર્ષમાં ૪ વખત રકતદાન કેમ્પ યોજવાનો નિર્ણય કર્યો છે. શાળા ચેરમેન ડો.રશ્મીકાંત મોદી મેનેજીંગ ડાયરેકટર ધવલભાઈ મોદી, આત્મનભાઈ મોદી, વિદ્યાર્થીઓના વાલીગણ, શિક્ષણગણ, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ.

# મહર્ષિ વાલ્મીકી યુવા સેવા ટ્રસ્ટના પ્રમુખ પારસભાઈ બેડીયાનો જન્મદિવસ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૧૮




રાજકોટ કામદાર યુનિયન અને શ્રી મહર્ષિ વાલ્મીકી યુવા સેવા ટ્રસ્ટના પ્રમુખ પારસભાઈ બેડીયાનો આજે જન્મદિવસ છે જેઓએ રાજકોટ મહાનગરપાલિકામાં કાયમી સફાઈ કામદારોની ભરતીનો ૨૭ વર્ષ જુનો પ્રશ્ન જનરલ બોર્ડમાં ઠરાવ કરીને મંજુર કરાવી વાલ્મીકી સમાજમાં બહુ મોટી લોક ચાહના મેળવી છે અને કોન્ટ્રાકટ પ્રથામાં સફાઈ કામગીરી કરતા સફાઈ કામદારોના ન્યાયના પ્રશ્નો માટે છેલ્લા ૧ વર્ષથી સતત લડત કરી રહ્યા છે જેમાં લઘુતમવેતન, પી.એફ, ઈ.એસ.આઈ. જેવા વિવિધ મુદાઓને લઈને તેને મોટી સફળતા મળી છે અને કોન્ટ્રાકટ પ્રથા નાબુદ કરી કાયમી ધોરણે સફાઈ કામદારોની ભરતી થાય તેવા પ્રશ્નો માટે તનતોડ મહેનત કરી રહ્યા છે તથા વાલ્મીકી સમાજમા સ્વૈચ્છીક રાજીનામું, બદલી, બોગસ મેડીકલ સર્ટીફીકેટ જેવી ગેરરીતીઓ અટકાવવા જીવના જોખમે પ્રયાસ કરી રહ્યા છે. સાદગી, સરળતા અને નિખાલસતા અને મળતાવડો પારસભાઈનો સ્વભાવ છે. પારસભાઈની ગરીબોને શોષિત સફાઈ કામદારોમાં બહોળી લોકચાહના ધરાવે છે અને તેમના જન્મદિવસ નિમીતે સગા-સબંધીઓ, રાજકીય આગેવાનો, સ્નેહીજનો તથા સામાજીક અગ્રણીઓ તેમના જન્મદિવસ ઉપર શુભેચ્છા વર્ષાઓ આપી રહ્યા છે.

# ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૧૮



સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટમાં તા.૧૯/૬ બુધવારનાં રોજ ૫:૩૦ કલાકે એક શામ આપકે નામ દ્રારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તા.૨૧/૬ શુક્રવારનાં રોજ ૫:૩૦ કલાકે મુકેશ ફેન કલબ દ્રારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. અને તા.૨૨/૬ શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે દૂર સંચાર કરાઓકે દ્રારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તા.૨૩/૬ રવિવારનાં રોજ ૫:૩૦ કલાકે સુરીલી શામ દ્રારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. જુના હિન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના તમામ સભ્યોએ આઈ કાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેમ જણાવ્યું છે.











GSDMA

સ્મૃતિવન ભૂકંપ સંગ્રહાલય

Smritivan Memorial

# ભારતથી વિશ્વ સુધી

## દુનિયાના સૌથી સુંદર સંગ્રહાલય ૨૦૨૪ માં હવે સ્મૃતિવન ભૂકંપ સંગ્રહાલય, ભુજને મળ્યું સ્થાન!

સ્મૃતિવનની નવીન ડિઝાઇન અને સાંસ્કૃતિક વારસાની ઉજવણી કરતી અન્ય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રસંશાઓ પર અહીં એક નજર કરીએ, જે ભારતને અપાર ગૌરવની લાગણી આપે છે.

**Prix Versailles Museums 2024**
World Selection for the Prix Versailles Museums 2024

**Red Dot Design Award** (reddot winner 2023)
Brands and Communication Design

**A' Design Award**
Best International Exhibition Design Project.

**Global Architeture Design Award**
Gold Award - Green Architecture

**Global Architeture Design Award**
Platinum Award - Cultural Architecture

**Architectural Digest Global WOW List Winner**
Featured in the top 13 list of the most impressive museums in the world

**London Design Award**
Platinum Award - Interior Design

**SBID International Design Award**
Public Spaces

**Inavate APAC Award** (Inavate APAC Awards 2023)
Visitor Attraction

ભુજ સ્થિત સ્મૃતિવન ભૂકંપ સંગ્રહાલયને યુનેસ્કોમાં વાર્ષિક ધોરણે રજૂ કરવામાં આવતા આર્કિટેક્ચર અને ડિઝાઇન માટેનાં પ્રખ્યાત પ્રિક્સ વર્સેલ્સ એવોર્ડ દ્વારા વિશ્વના સાત સૌથી સુંદર સંગ્રહાલયો પૈકી એકમાં સ્થાન આપવામાં આવ્યું છે.

ભારતના સંગ્રહાલયને પ્રથમ વખત આ ઐતિહાસિક નામાંકન પ્રતિષ્ઠિત પ્રિક્સ વર્સેલ્સ વર્લ્ડ સિલેક્શન ફોર મ્યુઝિયમ્સ ૨૦૨૪ દ્વારા પ્રાપ્ત થયું હોવાથી ગુજરાતને એક નવી વૈશ્વિક ઓળખ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ છે.

### સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રહાલય

ભુજિયો ડુંગર, ભુજ, કચ્છ, ગુજરાત

- ભારતનું સૌથી મોટું સ્મારક સંગ્રહાલય
- દુનિયાનું સૌથી મોટું મિયાવાકી જંગલ
- સાત તદ્દન અલગ ગેલેરી
- સુંદર દ્રશ્યો સાથેનું સન પોઇન્ટ
- ૧૦૦ થી પણ વધુ અલગ પ્રદર્શનો

**સ્મારક સમય:**
સવારે ૫:૦૦ વાગ્યા થી
રાત્રે ૧૧:૦૦ વાગ્યા સુધી

**સંગ્રહાલય સમય:**
સવારે ૧૦:૦૦ વાગ્યા થી
સાંજે ૬:૦૦ વાગ્યા સુધી

વધુ માહિતી કે નિયમિત જાણકારી માટે QR કોડ સ્કેન કરો અને અમને ફોલો કરો

દર સોમવારે બંધ રહેશે

Smritivan Earthquake Museum | Smritivan | smritivanearthquakemuseum.com | smritivanearthquakemuseum | Smritivanearthquakemuseum

# આનંદનગર હાઉસિંગ કવાર્ટરને રીપેરીંગ માટે ૩ મહિનાની મુદત આપવા માંગ

**રાજકોટ મનપા ખાતે આનંદનગર હાઉસિંગ કવાર્ટરના રહેવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડયા**

**આનંદનગરના રહેવાસીઓ દ્વારા મ્યુ.કમીશ્નરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરાઇ**







રાજકોટ તા.૧૮

આનંદનગર ૧૪૪ **SIT** ફ્લેટ ઓનર્સ એસોસિએશન, આનંદનગર હુડકો ૩૦૭ફ્લેટ ઓનર્સ એસોસિએશન તથા આનંદનગર ૧૪૪ એફ ફ્લેટ ઓનર્સ એશોસિએશન દ્વારા મ્યુ.કમીશ્નરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરાઇ હતી. રજુઆતમા જણાવ્યુ હતુ કે, એશોસિયેશન ફ્લેટ હોલ્ડર્સના અમુક ફ્લેટ્સ અંશતઃરીપેરીંગ કરવા જેવા હોવાથી જે તે ફ્લેટ હોલ્ડર તે રીપેરીંગ કરવા માટે સહમત છે. અમો દ્વારા નીચના મુદ્દાઓ દર્શાવામાં આવ્યા છે જેમાં આપ દ્વારા સહાનુભૂતી પૂર્વક માનવીય અભિગમ અપનાવવામાં આવે.(૧) અમો હાઉસીંગ બોર્ડના બ્લોકના રહેવાશીઓ **RMC** તથા હાઉસીંગ બોર્ડના અધીકારીઓ મારફત જે જર્જરીત ફ્લેટ અથવા બિલ્ડીંગ છે. તે રીપેરીંગ કરાવી આપવા સર્વે સંમતી આપીએ છીએ. જે અંગે અમોને ૩ મહિનાની સમય મર્યાદા આપવા વિનંતી.(૨) હાલ જે મુદ્દત આપેલ તે સમય દરમીયાન **RMC-PGVCL** તેમજ અન્ય સરકારી તંત્ર મારફત નળ કનેકશન, વિજ કનેકશન કે અન્ય જોડાણો કાપવા અંગે કોઈ કાર્યવાહી ન કરવા વિનંતી (૩) હાલ જે બ્લોક આવેલ છે તેમાના ૪૦ થી ૫૦ ટકા ફ્લેટમાં અગાઉ રીપેરીંગ કરાવેલ છે તેમાં કોઈ ક્ષતી નથી તેઓને નોટીસ આપવી નહી માત્રને માત્ર જે ફ્લેટ ક્ષતી ગ્રસ્ત છે તેઓને જ નોટીસ આપવા વિનંતી.(૪) જે ફ્લેટ જર્જરીત છે તેમાં **RMC** તેમજ હાઉસીંગ બોર્ડના અધિકૃત અધિકારીઓ સ્થળ પર આવો જે ભાગ જર્જરીત છે તેમાં કેટલું રીપેરીંગ કરવાનું છે તે અંગે એશોસીએશનને માહિતગાર કરવા વિનંતી.(૫) તમામ ફ્લેટની રીપેરીંગની કામગીરી પુરી થયા બાદ **RMC** તથા હાઉંસીંગ બોર્ડના અધીકારીઓ સ્થળ તપાસ કયાં બાદ જે-તે ફ્લેટ રહેવાસીઓને પ્રમાણપત્ર આપવુ કે હવે પછી આ અંગે કોઈ કાર્યવાહી જે તે કચેરી મારફત કરવામાં આવશે નહી અને રીપેરીંગ બાદ તમામ ફ્લેટ રહેવા માટે સુરક્ષીત છે તેવુ પ્રમાણપત્ર આપવા વિનંતી.

**ચોમાસુ હોવા છતાં મનપા તંત્રના અધિકારીઓ સાંભળતા નથી : અધિકારીઓ કામ દેખાડવાની લ્હાયમાં રહેવાસીઓના લાઇટ-પાણી પુરવઠો બંધ કરી દીધો હતોઃ મ્યુનિસિપલ કમિશનરને લોકોના પ્રશ્નો સાંભળવામાં રસ નથી : આક્રોશ**

### ખાદ્ય ચીજોના ૧૫ નમૂનાની ચકાસણી

# ૧૨ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સુચના અપાઇ



રાજકોટ તા.૧૮

ફૂડ વિભાગની ટીમ તથા **FSW** વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન શહેરના પ્રેમ મંદિર સામે હોકર્સઝોન -કાલાવડ રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૨ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ ૧૫ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

દ્વારકાધીશ સેન્ડવીચ,વી. કે. ફ્રૂટ જ્યુશ ,ચામુંડા દાળપકવાન ,ચામુંડા કઠોળ, મેગી પોઈન્ટ, દિલખુશ છોલેભટુરે ,શિવ છોલેભટુરે, ગ્રીન કોકોનેટ,બાલાજી સાઉથ ઈન્ડિયન,**AND** કટક બટક,સ્વાતિ મદ્રાસ કાફે ,ઓમ ચાઇનીઝ ,પ્રયોશા નાસ્તા,બાલાજી છોલેભટુરે ,ચામુંડા લચ્છી ,બાલાજી દાળ પકવાન ,માં હરસિધ્ધિ વડાપાઉં ,શિવમ સાઉથ ઈન્ડિયન ,**JD'**જ સેન્ડવીચ ,રૂચિત ફેન્સી ઢોસાની ચકાસણી કરવામાં આવેલ.તેમ જણાવ્યુ છે.




### રાજકોટ મહાનગરપાલિકાના ચોપડે

# સામાન્ય તાવના ૪૪૯,ઝાડા-ઉલ્ટીના ૨૮૮ કેસ નોંધાયા

**છેલ્લા એક અઠવાડીયામાં શરદી-ઉધરસના ૬૬૧ કેસ નોંધાયા**



રાજકોટ તા.૧૮

મહાનગર પાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગો માનવીની જીવનશૈલી સાથે સીધા સંકળાયેલા હોવાથી તેમાં લોકોનો સહકાર અત્યંત આવશ્યક છે.

આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૧૦-૬ થી તા.૧૬-૬ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ આરોગ્ય કેન્દ્રના આશાવર્કર સહિત ની ૩૨૦ ટીમો દ્વારા ૬૩૧૩૬ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૩૪૧ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે.

ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૭૮૦ પ્રીમાઇસીસ (બાંધકામ સાઇટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, સરકારી કચેરી વગેરે) નો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંક માં ૩૮૮ અને કોર્મશીયલ ૪૨૩ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.




# રાજકોટમાં સ્કુલ રીક્ષા-વેન ચાલકોની હડતાલ

**આરટીઓ-પોલીસનું સઘન ચેકીંગઃ તમામ સ્કુલો પર વાલીઓના ટોળાઃ ભારે ટ્રાફીક**





રાજકોટ તા. ૧૮

રાજકોટમાં ટીઆરપી ગેમઝોન કાંડ બાદ આરટીઓ પોલીસ દ્વારા સ્કુલ વાન-રીક્ષા ચાલકો સામે અનેક નિયમો દાખલ કરી દિધા છે, ખાનગી વાન માટે ટેકસી પાસીંગ ફરજીયાત બનાવાયું છે, સીએનજી ગેસના બાટલા ઉપરના બાકડા ઉપર બાળકોને બેસાડવાની મનાઇ ફરમાવાઇ છે, ડ્રાઇવર બેઝ, ફિટનેસ સર્ટીફીકેટ સહિતના મુદ્દાઓ સાથે સઘન ચેકીંગ અને ૧૦ થી ૨૫ હજારનો આકરો દંડ ફટકારાતા રાજયભરમાં સ્કુલ વાન-રીક્ષા ચાલકો હડતાલ ઉપર ઉતરી ગયા છે, આમ તો વર્ધી ચાલુ જ નહોતી કરાઇ, પરંતુ અમદાવાદમાં સ્કુલ વાન-રીક્ષા એસો. ની મળેલ મીટીંગમાં રાજકોટ,અમદાવાદ,વડોદરા, વલસાડ સહીતના શહેરોમાં આજથી બેમુદતી હડતાલ શરૂ કરી દેવાઇ છે.

રાજકોટમાં અંદાજે ૩ હજાર જેટલા સ્કુલ-વાન રીક્ષા ચાલકો છે, તેમાંથી ૮૦ ટકા આજથી હડતાલમાં જોડાતા વાલીઓની પોતાના બાળકોને સ્કુલો પર મુકવા જવા અંગે દોડધામ થઇ ગઇ છે, દરેક સ્કુલો ઉપર વાલીઓના બાળકોને મૂકવા સંદર્ભે ટોળા જોવા મળ્યા હતા, ભારે ટ્રાફીક પણ દરેક સ્કુલ ઉપર સજાર્યો હતો, બીજી બાજુ આરટીઓ તથા પોલીસ દ્વારા સવારથી સઘન ચેકીંગ પણ શરૂ કરાયું છે. વર્ધી ચાલકોએ આરટીઓ પાસે ત્રણ મહિનાનો સમય માંગ્યો પરંતુ સરકારની કોઇ સુચના ન હોય આરટીઓ દ્વારા ચેકીંગ-દંડ કરવાનું ચાલુ કરી દેવાતા સવારથી હડતાલ સજજડ રહેવા પામી છે, રાજકોટમાં ૬૦૦ થી ૭૦૦ જેટલા વાન ચાલકો - સ્કુલ રીક્ષા ચાલુ રહ્યા હતા, બાકીના હડતાલમાં જોડાયા છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.